Wednesday 09, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાથી વર્ચ્યુઅલી રૂા. ૨૦ હજાર ૭૦૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા ડેડિકેટડ ફ્રેઈટ કોરિડોરનું ૩૨૬ કિમી. સેકશનનું ઉદ્દઘાટન કર્યુ

# ન્યુ ઉમરગામ સ્ટેશનથી ન્યુ સફાલે સુધીના ફ્રેઈટ કોરિડોરનો આરંભ

**વલસાડ જિલ્લામાં માલગાડીનો અલગ ટ્રેક શરૂ થતાં પેસેન્જર ટ્રેનોના આવાગમનમાં સમયની બચત થશે સાથોસાથ ફળ, ફૂલો અને શાકભાજીની સમયસર ડીલીવરી થશે જિલ્લા પંચાયત -મુખ શ્રીમતી હેતલબેન પટેલ**



### ફ્રેઈટ કોરિડોર શું છે ?

મુંબઈના જેએનપીટીથી ઉત્તરપ્રદેશના દાદરી સુધીના ૧૫૦૬ કિમી. નો ફ્રેઈટ કોરિડોર અંતર્ગત ૧૫૦૬ કિમી.પૈકી ૧૩૯૭ કિમી. નું કામ પૂર્ણ થયુ છે અને બાકીનું કામ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. પશ્ચિમ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના આ નવા સેકશનથી વાપી અને સરીગામ તેમજ જિલ્લાના ઔદ્યોગિક એકમોને ફાયદો થશે.

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, ઉમરયામ, તા. ૦૮ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વડોદરાથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આજે રૂા. ૩૫ હજાર કરોડના વિકાસના કામોના ખાતમુહૂર્ત અને લોકાપર્ણના વિકાસ કામોની ભેટ ધરી હતી. જેના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ત્રણ મહત્વપૂર્ણ ખંડોનો શુભારંભ કરી દેશના કુલ ૨૮૦૦ કિમીના ફ્રેઈટ કોરિડોરનો પ્રોજેક્ટ દેશને સમર્પિત કર્યો હતો.

આજે વડાપ્રધાનના હસ્તે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રૂા. ૨૦ હજાર ૭૦૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા ન્યુ સાણંદ(નોર્થ) - ન્યુ મકરપુરા, ન્યુ ઉમરગામ- ન્યુ સફાલે અને ન્યુ સફાલે - ન્યુ જેએનપીટીના ડેડિકેટડ ફ્રેઈટ કોરિડોરના ૩૨૬ કિમી.ના સેકશનન પર માલગાડીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવી આ સેકશનોનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાના ન્યુ ઉમરગામ સ્ટેશન ખાતે વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકર અને ડીએફસીસીએલના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ફ્રેઈટ કોરિડોરથી દેશના મુખ્ય બંદરો અને ઔદ્યોગિક વિસ્તારો વચ્ચે સીધી રેલ કનેક્ટિવિટી વધશે. ઘટાડેલા લોજિસ્ટિક ખર્ચ અને પરિવહન સમય- આયાત - નિકાસ અને લોજિસ્ટિક ખર્ચ ઘટશે**

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેને આ પ્રસંગે જણાવ્યું કે, દેશના દૂરંદેશી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત દેશને વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારત બનાવવાનું જે સ્વપન છે તેમના સપનાને સાકાર કરવામાં આપણે પોતે સહભાગી થઈએ. વલસાડ જિલ્લામાં હવેથી માલગાડીનો અલગ ટ્રેક શરૂ થતાં પેસેન્જર ટ્રેનોના આવાગમનમાં સમયની બચત થશ. ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકરે આ અવસરે જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૨ માં ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે વાયબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી દેશના અને વિદેશના ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ કરાવી ગુજરાતના વિકાસની રાહ પકડી જે તેમણે વર્ષ ૨૦૧૪ માં વડાપ્રધાન બન્યા પછી દેશના દરેક ક્ષેત્રમાં વિકાસની નવી કેડી કંડારી છે. આજે ન્યુ ઉમરગામ સ્ટેશનથી ન્યુ સફાલે સુધીના ફ્રેઈટ કોરિડોરનો શુભારંભ કરાવી માલગાડી માટે અલગ ટ્રેક તૈયાર થતા પેસેન્જર ટ્રેનો પણ સમયસર પોતાના ગંતવ્ય સ્ટેશન તરફ પહોંચશે. ઉમરગામ ખાતે આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન, ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, પ્રભારી પરેશભાઈ દેસાઈ, તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નિરવ શાહ, શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, પશ્ચિમ રેલવેના અધિકારીઓ, ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સેક્રેટરી શ્યામ વિઝન, ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, સોળસુંબા સરપંચ બળદેવભાઈ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડીએફસીસીના એકઝીકયુટીવ ડાયરેકટર પી. સી. પાંડેએ કર્યુ હતુ, જયારે પ્રોજેકટની રૂપરેખા ડીઆરએમ પંકજસિંઘે આપી હતી. આ પ્રસંગે એડીઆરએમ યશપાલ કુમાર તથા ડીએફસીસીના સીપીએમ પવનકુમાર તેમજ ડીએફસીસીના અવધેશ શ્રીવાસ્તવ તેમજ ઉમરગામ તાલુકાના મામલતદાર અને ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ખૂશબૂ જાધવ તેમજ ઉમરગામના નગરજનો હાજર રહ્યા હતા.

# સેલવાસના કેટલાંક વિસ્તારોમાં ૩૫ દિવસથી જળ સંકટ!

**૪ ઓગસ્ટથી અચાનક પીવાનું પાણી બંધ થઈ જતાં ૧૦૦૦થી વધુ રહેવાસીઓ પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે; ટેન્કરની અનિયમિત વ્યવસ્થાથી લોકો પરેશાન**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૮ :** એક તરફ સેલવાસને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાની વાતો થઈ રહી છે, તો બીજી તરફ શહેરના વિકસિત અને આધુનિક રહેણાંક વિસ્તારોમાં લોકો પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે. બાલાજી ટાઉનશિપ, યોગી હિલ, હરિ દર્શન સોસાયટી, યોગી દર્શન, ત્રુપતિ, એકદંત સોસાયટી અને રાજશ્રી ટાવર સહિતના વિસ્તારોમાં આશરે ૧૦૦૦ રહેવાસીઓ છેલ્લા ૩૫ દિવસથી પીવાના શુદ્ધ પાણીની અછતનો સામનો કરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ૪ ઓગસ્ટથી પાણીનો પુરવઠો અચાનક બંધ થઈ ગયો છે. પાણી મેળવવા માટે કેટલાક લોકોને એક કિલોમીટર સુધી ચાલીને જવું પડે છે, જ્યારે અન્ય લોકો કરિયાણાની દુકાનોમાંથી ૨૦ લીટરનું પાણી રૂ.૩૦થી રૂ.૫૦માં ખરીદવા મજબૂર બન્યા છે. ટેન્કર અંગે પૂછપરછ કરતાં 'જરૂર પડશે તો મોકલીશું' જેવા જવાબો મળતા હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.

બાલાજી ટાઉનશિપની એક મહિલાએ જણાવ્યું હતું કે, 'અમે નાહવા-ધોવાનું પાણી નહીં, પરંતુ પીવાનું પાણી માંગીએ છીએ. દર અઠવાડિયે ૨૦ લીટર પાણી માટે રૂ.૩૦થી રૂ.૫૦ ખર્ચવા પડે છે, જે અમારા ખિસ્સા પર ભારે પડી રહ્યું છે.કેટલાક બાળકોને પણ લાંબા સમયથી શુદ્ધ પાણી મળતું નથી.' સ્થાનિક રહેવાસી અમરે તંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, 'સ્માર્ટ સિટીના નામે વિકાસની વાતો થાય છે, પરંતુ સામાન્ય લોકોને મૂળભૂત સુવિધા પણ મળતી નથી. આ સ્થિતિ શાસનની કાર્યક્ષમતા સામે સવાલ ઊભો કરે છે.' ચોમાસાની સિઝનમાં પાણીની ગુણવત્તા અને દૂષિત પાણીથી રોગચાળો ફેલાવાનો ભય પણ વધી રહ્યો છે. સમગ્ર મામલે સ્માર્ટ સિટી તંત્રના ઈજનેરનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો નહોતો.

# થ્રીડીમાં મ્યુ. કાઉન્સીલના પ્રમુખ-કાઉન્સીલરોને માસિક માનદ વેતન મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૮ :** વહીવટીતંત્રે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની મ્યુનિસિપલ કાઉન્સિલોના ચૂંટાયેલા પ્રમુખો અને કાઉન્સિલરો માટે માસિક માનદ વેતનની સ્થાપના કરી છે.

કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા જાહેરનામા મુજબ, રાજ્યની ત્રણ મ્યુનિસિપલ કાઉન્સિલોના પ્રમુખોને માસિક રૂા. ૧૦,૦૦૦ માનદ વેતન મળશે. દરમિયાન, કુલ ૪૦ કાઉન્સિલરોને માસિક રૂા. ૫,૦૦૦ માનદ વેતન મળશે.

શહેરી વિકાસ વિભાગના સંયુક્ત સચિવ શિવમ તેવતિયા દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં આ માહિતી આપવામાં આવી હતી. આ માનદ વેતન વ્યવસ્થા ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવશે. નોંધનીય છે કે અગાઉ, ચૂંટાયેલા મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખો અને કાઉન્સિલરોને કોઈ પગાર કે માનદ વેતન ચૂકવવામાં આવતું ન હતું.

હવે, વહીવટીતંત્રે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ માટે આ વ્યવસ્થા લાગુ કરી છે. પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વ હેઠળ, જિલ્લા પંચાયતો અને મ્યુનિસિપલ કાઉન્સિલોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે માનદ વેતનની વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે.



Wednesday 09, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચાર

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

## વાંસદામાં પોષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૦૮ :** મહિલા અને બાળ વિકાસ વિભાગ, વાંસદા (ICDS) દ્વારા પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત તાલુકા કક્ષાએ THR (આંગણવાડી કક્ષાએથી આપવામાં આવતા માતૃશક્તિ, બાલશક્તિ તથા પૂર્ણાશક્તિ) તેમજ મિલેટ્સ (શ્રી અન્ન - નાના દાણાવાળા ધાન્ય પાકોનું જુથ, બાજરી, જુવાર, નાગલી (રાગી) કાંગ, બંટી (સામો) કોદરી, વરી વગેરે) માંથી બનાવેલ વિવિધ વાનગીઓનું પોષ્ટિક વાનગી સ્પર્ધાનુંજ્ઞ આયઓજન ચારણવાડા - ડેરી હોલ ખાતે કરવામાં આવેલ. કાર્યક્રમનો હેતુ વધતા જતા જંક ફુડ તેમજ પેકેટ ફુડનો વપરાશ જે રીતે વધી રહ્યો છે. તેમજ તેના કારણે તેની આરોગ્ય પર જે રીતે ખરાબ અસરો થઈ રહી છે તે બાબતે જાગૃતતા લાવવા માટે કરવામાં આવેલ મિલેટ્સનો રોજીંદા આહારમાં વિવિધ વાનગીઓ બનાવી તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે માટે વિવિધ વાનગીઓનું નિદર્શન કરવામાં આવેલ, સાથે આંગણવાડી કેન્દ્રથી આપવામાં આવતા THR (માતૃશક્તિ, બાલશક્તિ તથા પૂર્ણાશક્તિ)નો ઉપયોગ કરી પણ વિવિધ વાનગીઓ બનાવી નિદર્શન કરવામાં આવેલ THR કે જે દૈનિક પોષણની જરૂરીયાત સગર્ભા, ધાત્રી, જિશોરીઓ તેમજ ૬ માસથી ૬ વર્ષના બાળકોને પૂરૂ પાડવા માટે આપવામાં આવે છે. આમ વધ્ તેમજ મિલેટસમાં સરગવાનો કે વિવિધ ભાજીઓનો ઉપયોગ કરી તેને રોજીંદા જીવનમાં ઉપયોગ કરવામાં આવે તેમજ આના થકી બાળકો, સગર્ભા, કિશોરીઓમાં એનિમિયાનું પ્રમાણ ઘટાડી શકાય.

કાર્યક્રમમાં હાજર ગામના (ચારણવાડા) સરપંચ દ્વારા હાજર તમામને સરગવાનો ઉપયોગ તેમજ -નકૃતિક ખેતી અંગેની જરૂરી માહિતી આપવામાં આવેલ, તેમજ ડૉ. નિલભાઈ સી. પટેલ દ્વારા રોજીંદા જીવનમાં આહારની ટેવો, કિશોરીઓમાં એનિમિયા તથા એનિમિયા મુક્ત ભારત કાર્યક્રમ અંતર્ગત તમામને માહિતગાર કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમમાં હાજર ચારણવાડા સરપંચ, મેડિકલ ઓફિસર અને બાળ વિકાસ યોજના અધિકારી હેનાકુમારી વેલજીભાઈ ગામીત હાજર રહ્યા હતા. તેમજ કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષણ શાખા દ્વારા દિપકભાઈ આર. પટેલ તથા વાંસદા ઘટક-૧ અને ૨ ના મુખ્ય સેવિકા બહેનો તથા સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે હાજર તમામને પોષણ શપથ લેવડાવવામાં આવેલ.

## બીલીમોરાના સોમનાથ મહાદેવ મંદિરમાં અંતિમ સોમવારે શિવભક્તો ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૭ :** પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે ઐતિહાસિક બીલીમોરા સ્થિત શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે શિવભક્તોનું અભૂતપૂર્વ ઘોડાપૂર ઉમટી પડ્યું હતું.



રવિવાર વહેલી સવારથી શરૂ થયેલો ભક્તિનો અવિરત પ્રવાહ સોમવારે આખો દિવસ યથાવત્ રહ્યો હતો. હજારો શ્રદ્ધાળુઓએ કતારબદ્ધ ઊભા રહીને દેવાધિદેવ મહાદેવને બિલીપત્ર, પુષ્પો અને જલાભિષેક અર્પણ કરી ધન્યતા અનુભવી આશીર્વાદ મેળવ્યા હતા. ભોળાનાથના જયઘોષ સાથે સમગ્ર મંદિર પરિસર શિવમય અને ભક્તિરસમાં તરબોળ બની ગયું હતું. દર્શનની સાથે સાથે મંદિર પરિસરમાં આયોજિત ભવ્ય લોકમેળામાં પણ માનવમહેરામણ ઉમટી પડ્યો હતો. પરિવારો અને યુવાવર્ગે મન મૂકીને મેળાની મોજ માણી હતી.

ખાસ કરીને જલપરી અને કૂકુ ડ્રેગન પાર્ક, નાવડી, બ્રેકડાઉન, ડ્રેગન અને જ્યુસર જેવી આધુનિક રાઈડ્સમાં સવારી કરી લોકોએ રોમાંચક અનુભવ લીધો હતો. ખાનપાનના સ્ટોલ અને રમકડાંની દુકાનો પર પણ ભારે ભીડ જોવા મળી હતી.

જેના કારણે સમગ્ર પરિસરમાં ઉત્સવ અને ઉલ્લાસનો માહોલ છવાયો હતો.

## વઘઈના ભેંસકાત્રીમાં આરોગ્ય શિબિર યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૮ :** સામાજિક ઉત્તરદાયિત્વ અને એક પગલું શિક્ષણ તરફ તથા જનસેવાના સુંદર સંકલ્પ સાથે એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરત દ્વારા ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં આવેલા ભેંસકાત્રી ગામની આશ્રમ શાળા ખાતે એક બૃહદ નિઃશુલ્ક આરોગ્ય શિબિર (મેડિકલ કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યું છે. આ આરોગ્ય શિબિરની તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી યોજાશે, જેમાં ગ્રામીણ અને આજુબાજુના વિસ્તારના નાગરિકોને વિનામૂલ્યે વિવિધ તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ શિબિરમાં અનુભવી અને નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા દર્દીઓની સર્વગ્રાહી તપાસ કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે જનરલ ફિઝિશિયન, ત્વચારોગ નિષ્ણાંત (સ્કિન સ્પેશિયાલિસ્ટ), અસ્થિરોગ નિષ્ણાત (ઓર્થોપેડિક), દંત ચિકિત્સક (ડેન્ટિસ્ટ) તેમજ ઓપ્ટોમેટ્રિસ્ટ (આંખના નિષ્ણાંત) ઉપસ્થિત રહીને દર્દીઓને નિઃશુલ્ક ડોક્ટરી સલાહ અને તબીબી તપાસ સેવાઓ આપશે. કેમ્પ દરમિયાન ઉપસ્થિત તમામ જરૂરિયાતમંદ લાભાર્થીઓને તપાસ બાદ વિનામૂલ્યે જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવશે.આ ઉપરાંત શિબિરમાં અત્યાધુનિક નિદાન સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાઈ છે. વિશેષરૂપે, આંખની તપાસ દરમિયાન જે લાભાર્થીઓને દ્રષ્ટિની ખામી જણાશે અને ચશ્માની જરૂરિયાત રહેશે, તેમને સ્થળ પર જ વિનામૂલ્યે ચશ્મા પણ એનાયત કરવામાં આવશે. સાથે જ મહિલા સ્વાસ્થ્ય અને સ્વચ્છતાની જાગરૂકતાને ધ્યાને રાખીને તમામ મહિલા લાભાર્થીઓને વિનામૂલ્યે સેનિટરી પેડ્સનું વિતરણ પણ કરવામાં આવશે. એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરત દ્વારા આયોજિત આ સ્વાસ્થ્ય શિબિરમાં ભેંસકાત્રી તથા આસપાસના ગ્રામીણ વિસ્તારના તમામ નાગરિકો, આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહી આ નિઃશુલ્ક તબીબી સેવાનો મહત્તમ લાભ લેવા માટે એથર ઈન્ડસ્ટ્રીઝનાં દિપકભાઈ મહેતા દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગણદેવીમાં ૧૧૯૧ દિવ્યાંગજનાને સહાયક ઉપકરણોનું વિતરણ કરાયું

### નવસારી જિલ્લા વહીવટીતંત્ર અને ALIMCOના સંયુક્ત ઉપક્રમે ADIP તથા વયોશ્રી યોજના અંતર્ગત લાભો એનાયત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૦૮ :** નવસારી જિલ્લા વહીવટીતંત્ર તથા આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ALIMCO)ના સંયુક્ત ઉપક્રમે ADIP તથા વયોશ્રી યોજના અંતર્ગત ગણદેવી તાલુકાના કોળી પટેલ સમાજની વાડી ખાતે બે દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પના પ્રથમ દિવસે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તથા આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલના હસ્તે દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને સહાયક ઉપકરણોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા અધ્યક્ષ ભૂરાલાલ શાહ,તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ,ગણદેવી પાલિકા પ્રમુખ અનિતાબેન ભંડારી સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં ૯૧૭ વયોશ્રી લાભાર્થીઓને રૂા.૬૯ લાખના સાધનો તથા ૨૭૪ દિવ્યાંગજનોને રૂા.૨૮.૨૯ લાખના સાધનો, મળી કુલ ૧૧૯૧ લાભાર્થીઓને રૂા.૯૭.૩૯ લાખના જરૂરિયાત મુજબના સહાયક ઉપકરણોનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓને ઉપકરણો મેળવવામાં કોઈ અગવડતા ન પડે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ALIMCO અને નવસારી જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે અગાઉ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં તાલુકાવાર તબક્કામાં એસેસમેન્ટ કેમ્પો યોજાશે. વાંસદા ખાતે તા.૧૬-૧૭ સપ્ટેમ્બર, ખેરગામ ખાતે તા.૧૯ સપ્ટેમ્બર, ચીખલી ખાતે તા.૫-૬ ઓક્ટોબર, જલાલપોર ખાતે તા.૮-૯ ઓક્ટોબર, નવસારી ગ્રામ્ય ખાતે તા.૧૨-૧૪ ઓક્ટોબર તથા નવસારી શહેર ખાતે તા.૧૬-૧૭ ઓક્ટોબરના રોજ નવસારી મહાનગર પાલિકા કેમ્પ યોજાશે. આ તમામ કેમ્પનો સમય સવારે ૯:૦૦થી સાંજે ૬:૦૦ કલાક સુધી રહેશે.

### નવસારી જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા માર્ગદર્શિકા

## વરસાદ ખેંચાય તો ખેડૂતોએ કયા પગલાં લેવા?


**નવસારી, તા. ૦૮ :** રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (ખેતી નિયામકની કચેરી) દ્વારા વરસાદ ખેંચાવાની સ્થિતિમાં ઊભા પાકને રક્ષણ આપવા અને જમીનમાં ભેજ જાળવી રાખવા માટે ખેડૂતોને ખાસ ખેત-સલાહ અને કાળજી લેવાના પગલાં લેવાનો અનુરોધ કર્યો છે. જ્યારે ઊભા પાકમાં વરસાદના અભાવે જમીનમાં ભેજની ખેંચ ઊભી થાય, ત્યારે જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, નવસારી દ્વારા ખેડૂતોને નીચે મુજબના સાત અગત્યના પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

- આંતર-ખેડ અને નીંદણ નિયંત્રણ જમીન અને પાકની અવસ્થા મુજબ સમયસર આંતર-ખેડ કરવી. નીંદણ દૂર કરવાથી જમીનનો ભેજ અને પોષક તત્વો મુખ્ય પાકને પૂરતા પ્રમાણમાં મળી રહે છે.
- મલ્ચિંગ (ભેજ સંરક્ષણ) બે ચાસ વચ્ચે સૂકું ઘાસ, પાંદડા કે પ્લાસ્ટિકનું મલ્ચિંગ કરવું. આનાથી જમીનમાંથી પાણીનું બાષ્પીભવન અટકે છે અને ભેજ લાંબો સમય ટકી રહે છે.
- સૂક્ષ્મ પિયત પદ્ધતિનો ઉપયોગ મર્યાદિત પાણી હોય ત્યારે ધોરિયા પદ્ધતિને બદલે ટપક કે ફુવારા પદ્ધતિ અપનાવવી, જેથી પાણીનો મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ થાય.
- પાકની કટોકટીની અવસ્થા પાકની કટોકટીની અવસ્થા (જેમ કે ફૂલ આવવાની કે દાણા ભરાવાની અવસ્થા) દરમિયાન ખાસ પિયત આપવું. પાણી ખૂબ જ ઓછું હોય તો એકાંતર ચાસે (એક ચાસ મૂકીને એક ચાસમાં) પિયત આપવું.
- પોષક તત્વોનો છંટકાવ ભેજની અછત સામે છોડને ટકાવી રાખવા માટે ૧ ટકાથી ૨ ટકા યુરિયા અથવા પોટેશિયમ નાઈટ્રેટ (૧૩:૦:૪૫) ના દ્રાવણનો પાક પર છંટકાવ કરવો. આનાથી છોડની રોગપ્રતિકારક શક્તિ અને તણાવ સહન કરવાની ક્ષમતા વધે છે.
- પાકની પારવણી જમીનમાં ભેજ ખૂબ ઓછો હોય ત્યારે વધારાના અને નબળા છોડ ઉપાડીને પારવણી કરવી, જેથી બાકીના છોડને પૂરતો ભેજ મળી રહે.
- સમયસર કાપણી : પાક પરિપક્વતાની અવસ્થાએ પહોંચે ત્યારે સમયસર કાપણી કરી લેવી.

આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ નો સંપર્ક કરવા નવસારી જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે.

## ગણદેવીની દમણિયા હોસ્પિટલમાં ૩.૧૦૦ કિલોની કેન્સરની ગાંઠનું સફળ ઓપરેશન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ગણદેવી, તા. ૦૮ :** ગણદેવીની દમણિયા હોસ્પિટલમાં તબીબી ક્ષેત્રે મહત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ છે. ચીખલી તાલુકાના ઉંઢવણ ગામના દર્દી હસમુખભાઈ પટેલના પેટમાંથી ૩,૧૦૦ ગ્રામ વજનની જટિલ અને દુર્લભ પ્રકારની કેન્સરની ગાંઠનું સફળતાપૂર્વક ઓપરેશન કરી તેને દૂર કરવામાં આવી હતી. હસમુખભાઈ પટેલને આશરે વીતેલા બે-એક મહિનાથી પેટમાં દુઃખાવાની તકલીફ રહેતી હતી. તબીબી તપાસ દરમિયાન તેમના પાચનતંત્રમાં મોટી ગાંઠ હોવાનું નિદાન થયું હતું. ગાંઠ હોજરીની દીવાલમાં પ્રસરેલી હતી અને લિવર, મોટું આંતરડું, સ્વાદુપિંડ સહિત પેટના અન્ય મહત્વપૂર્ણ અંગો સાથે ચોંટેલી હોવાથી સર્જરી અત્યંત જટિલ હતી. ગાંઠનો વ્યાપ પાચનતંત્રના વિવિધ ભાગો સુધી ફેલાયેલો હોવાથી સર્જરી તબીબો માટે પડકારરૂપ બની હતી. દમણિયા હોસ્પિટલના નિષ્ણાંત જનરલ સર્જન ડો. રાજેશ પટેલ અને તેમની તબીબી ટીમે જરૂરી તકેદારી, કુશળતા અને અનુભવ સાથે સફળતાપૂર્વક સર્જરી કરી ૩,૧૦૦ ગ્રામ વજનની વિશાળ ગાંઠને દૂર કરી હતી. સફળ ઓપરેશન બાદ દર્દીની તબિયતમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે તેમજ લાંબા સમયથી રહેતા પેટના દુઃખાવામાં પણ રાહત મળી છે. સફળ સર્જરી બદલ હસમુખભાઈ પટેલે દમણિયા હોસ્પિટલના તબીબો તથા સમગ્ર સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગણદેવી દમણિયા હોસ્પિટલમાં આ અગાઉ પણ જટિલ અને દુર્લભ પ્રકારના વિવિધ ઓપરેશનો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. તબીબી ટીમની નિષ્ણાતતા, આધુનિક સારવાર પદ્ધતિ અને દર્દીઓ પ્રત્યેની સેવાભાવનાને કારણે ગણદેવી સહિત આસપાસના વિસ્તારના દર્દીઓને સ્થાનિક સ્તરે જ જટિલ સારવારનો લાભ મળી રહ્યો છે. ૩.૧૦૦ કિલોની દુર્લભ ગાંઠની સફળ સર્જરી દમણિયા હોસ્પિટલની તબીબી ટીમ માટે નોંધપાત્ર સિદ્ધિ બની છે અને સ્થાનિક આરોગ્ય ક્ષેત્ર માટે પણ આ સફળતા પ્રેરણારૂપ બની છે.

## અમલસાડ અને સુપાગામની કેન્દ્ર સરકારના સચિવ ઐશ્વર્યા સિંહએ મુલાકાત લીધી

**નવાસરી, તા. ૦૮ :** પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાતના અનુસંધાને નવસારી જિલ્લામાં હાથ ધરવામાં આવી રહેલ માઈક્રો સ્વચ્છતા અભિયાન અંતર્ગત તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજ કેન્દ્ર સરકારના પેય જળ અને સ્વચ્છતા વિભાગ (જળ શક્તિ મંત્રાલય)ના સંયુક્ત સચિવ અને મિશન ડિરેક્ટર (SBM-G) સુશ્રી ઐશ્વર્યા સિંહ (IAS) દ્વારા જિલ્લાના વિવિધ ગામોમાં સ્થળ મુલાકાત લઈ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.



મુલાકાત દરમિયાન તેમણે ગણદેવી તાલુકાના અમલસાડ ગામ ખાતે નિર્માણ પામેલ વિવિધ એસેટ્સ, જળસંચય તથા વોટર હાર્વેસ્ટિંગના કામોનું નિરીક્ષણ કરી ગુણવત્તા અને ઉપયોગિતાની ચકાસણી કરી હતી. આ પ્રસંગે સ્થાનિકો તથા અધિકારીઓ સાથે બેઠક યોજી જનભાગીદારી અંગે ચર્ચા કરવામાં આવી હતી, તેમજ સંયુક્ત સચિવએ વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થઈ ગ્રામજનોને દૈનિક જીવનમાં સ્વચ્છતાની ટેવો કેળવવા પ્રોત્સાહિત કર્યા હતાં. તદુપરાંત, સંયુક્ત સચિવશ્રી દ્વારા નવસારી તાલુકાના સુપા ગામ ખાતે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત અમલી મટકા કમ્પોસ્ટિંગ અને ગ્રે વોટર મેનેજમેન્ટની કામગીરીની વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી. સુપા ખાતે ભીના કચરાના સ્ત્રોત પર જ વૈજ્ઞાનિક રીતે ખાતરમાં રૂપાંતરણ કરતી મટકા કમ્પોસ્ટિંગ પદ્ધતિ તથા ઘરગથ્થુ વપરાશના પાણીના સુવ્યવસ્થિત નિકાલ અને પુનઃઉપયોગ માટેની ગ્રે વોટર વ્યવસ્થાની તેમણે પ્રત્યક્ષ ચકાસણી કરી હતી.

## વાપી સિસિકા દ્વારા જન્માષ્ટમી અને રક્ષાબંધન પર્વની ઉજવણી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી સિસિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહમાં રક્ષાબંધન અને જન્માષ્ટીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. વાપી સિનિયર સિટીઝન કાઉન્સિલના પ્રમુખ દિનેશભાઈ દેસાઈની આગેવાનીમાં તારીખ ૪-૯-૨૦૨૬ ના રોજ જન્માષ્ટીના તહેવાર નિમિત્તે વાપી સિસિકાના હોલમાં રક્ષાબંધન અને જન્માષ્ટમીનો સંયુક્ત તહેવારની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે બ્રહ્માકુમારી સનમબેન ચૌહાણ અને તેમના સાથીઓ દ્વારા સિસિકાના સભ્યોને રક્ષાબંધનનું મહત્વ સમજાવી રાખડી બાંધી ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે બ્રહ્માકુમારી સોનમબેન તરફથી દક્ષિણા રૂપે સભ્યોમાં રહેલા દુર્ગુણો માંથી એક નો ત્યાગ કરવા જણાવ્યું હતું જેનો અમલ દરેક સભ્યોએ કર્યો હતો આ પ્રસંગે જન્માષ્ટમીને તહેવારને લઈ સમગ્ર હોલમાં વાતાવરણ ધાર્મિક બની જવા પામ્યું હતું આ કાર્યક્રમમાં ૬૦ વર્ષથી લઈને ૯૫ વર્ષના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો



જન્માષ્ટમી પર્વ સાથે વિકેન્ડની રજાઓનો સંયોગ થતા ગુજરાતના પ્રખ્યાત ગિરિમથક સાપુતારામાં પ્રવાસીઓનો ઉમટી પડ્યા હતાં. સાપુતારા સહિત તળેટી વિસ્તારમાં આવેલી હોટલ, હોમસ્ટે, રિસોર્ટ તેમજ ટેન્ટ સિટીઓ હાઉસફુલ થઈ જતા પ્રવાસન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં પણ ખુશીની લહેર જોવા મળી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૯-૦૯-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** શ્રાવણ, તેરસ, **સૂર્યોદય :** ૦૬ : ૨૮ **સૂર્યાસ્ત** ૦૬ :૪૫, **ચંદ્રોદય** - ૦૪:૨૧ **ચંદ્રાસ્ત** - ૦૫:૪૦ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - આશ્લેષા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદાયી રહેશે. શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળી શકે છે અને તમારો આત્મવિશ્વાસ વધશે.
**વૃષભ (બ, વ, ઉ) :** પારિવારિક જીવનમાં જૂની સમસ્યાઓનો ઉકેલ આવતા માનસિક શાંતિ મળશે.
**મિથુન (ક, ઘ, ચ) :** કાર્યસ્થળ પર તમારી મહેનત રંગ લાવશે અને સફળતાની નવી તકો મળશે. સહકર્મીઓ સાથે સારો તાલમેલ રહેશે.
**કર્ક (ડ, હ) :** આજે આર્થિક બાબતોમાં સાવધાની રાખવી, પૈસાની લેવડદેવડ સમજી-વિચારીને જ કરવી. બપોર પછી ચંદ્ર તમારી રાશિમાંથી બહાર નીકળશે, જેથી માનસિક બોજ હળવો થશે.
**સિંહ (મ, ટ) :** બપોર પછી ચંદ્ર તમારી જ રાશિમાં પ્રવેશ કરશે, જેનાથી તમારી લીડરશીપ અને પ્રતિષ્ઠા વધશે.
**કન્યા (પ, ઠ, ણ) :** તમારી જ રાશિમાં બુધ હોવાથી બુદ્ધિપૂર્વકના કાર્યોમાં મોટી સફળતા મળશે. યોજનાપૂર્વક કરેલા કામો સફળ થશે.
**તુલા (ર, ત) :** તમારા માટે આજનો દિવસ સંતુલન જાળવવાનો છે. ઓફિસમાં સહકર્મીઓ સાથે ટીમવર્કથી મોટો ફાયદો થશે.અંગત સંબંધો અને જવાબદારીઓ વચ્ચે તાલમેલ જાળવવો.
**વૃશ્ચિક (ન, ય) :** તમારી નિર્ણય લેવાની ક્ષમતા અને અંતઃ-રણા ખૂબ મજબૂત રહેશે.
**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજનો દિવસ તમારા માટે કામકાજમાં સફળતા અને નસીબનો સાથ આપનારો છે. નવું શીખવા અથવા પ્રવાસના યોગ બની રહ્યા છે.
**મકર (ખ, જ) :** અટકેલા સરકારી કે મહત્વના કામો આજે પૂર્ણ થઈ શકે છે. પરિવારનો પૂરો સહયોગ મળશે અને જીવનસાથી સાથેના સંબંધો મધુર બનશે.
**કુંભ (ગ, સ, શ, ષ) :** તમારા મનમાં નવા અને ક્રિએટિવ વિચારો આવશે. વેપાર કે નોકરીમાં નવી યોજનાઓ પર કામ કરવા માટે સારો દિવસ છે.
**મીન (દ, ચ, થ, ઝ) :** લાંબી યોજનાઓ અને રોકાણમાં અત્યારે ધીરજ રાખવાની જરૂર છે. પ્રેમ અને દયાળુ સ્વભાવથી તમે સંબંધોને વધુ મજબૂત બનાવી શકશો.

## દમણ રેડિયો

**102.3 FM**

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | 5 | | | 4 | |
| | | | 9 | | 2 | | | |
| | 4 | 5 | | | | 9 | 3 | |
| 1 | 6 | | 8 | | 3 | | 7 | 5 |
| | | | 4 | | 5 | | | |
| 5 | 8 | | 6 | | 7 | | 2 | 1 |
| | 1 | 3 | | | | 8 | 5 | |
| | | | 1 | | 6 | | | |
| | 9 | | | 3 | | | 6 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૬૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 7 | 8 | 5 | 2 | 1 | 4 | 6 |
| 1 | 6 | 5 | 9 | 7 | 4 | 8 | 3 | 2 |
| 4 | 8 | 2 | 1 | 6 | 3 | 9 | 5 | 7 |
| 8 | 5 | 4 | 2 | 3 | 1 | 7 | 6 | 9 |
| 6 | 2 | 9 | 4 | 8 | 7 | 3 | 1 | 5 |
| 3 | 7 | 1 | 5 | 9 | 6 | 2 | 8 | 4 |
| 5 | 9 | 6 | 3 | 2 | 8 | 4 | 7 | 1 |
| 2 | 4 | 3 | 7 | 1 | 5 | 6 | 9 | 8 |
| 7 | 1 | 8 | 6 | 4 | 9 | 5 | 2 | 3 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

VAPI PAGE - 03

Wednesday 09, September 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## સોનવાડામાં હાઈવે પર ઊડતી ધૂળથી ગ્રામજનો ત્રાહિમામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ તાલુકાના સોનવાડા ગામમાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર-૪૮ પર ઊડતી ધૂળ અને માટીના કારણે ગ્રામજનોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. આ ગંભીર સમસ્યાને લઈને સોનવાડા ગ્રામ પંચાયતના સરપંચ સુરેશભાઈ ધીરૂભાઈ પટેલની આગેવાનીમાં ગ્રામજનો દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી તાત્કાલિક યોગ્ય ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી છે.

આવેદન પત્રમાં જણાવ્યા મુજબ, ગામમાંથી પસાર થતા નેશનલ હાઈવે-૪૮ પર ઓવરબ્રિજ આવેલો છે. ચોમાસા દરમિયાન તેમજ વારંવાર ઓવરબ્રિજના બંને તરફના માર્ગો પર મોટા-મોટા ખાડાઓ પડી જાય છે. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને રોજિંદા ધોરણે અકસ્માત અને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હાઈવે ઓથોરિટી દ્વારા આ ખાડાઓનું કાયમી પુરાણ કરવાને બદલે માત્ર માટી તેમજ જી.એસ.બી. જેવી કાચી સામગ્રી નાંખીને વેઠ ઉતારવામાં આવી રહી છે. પરિણામે વાહનોની અવરજવરથી ધૂળના મોટા ગોટા ઊડીને સીધા આસપાસના ઘરોમાં પ્રવેશી રહ્યા છે. ઘરના વડીલો, બાળકો સહિતના ગ્રામજનો શ્વાસ, ખાંસી અને એલર્જી જેવી વિવિધ બીમારીઓનો ભોગ બની રહ્યા છે.ગ્રામજનોનો આક્ષેપ છે કે હાઈવે ઓથોરિટીને આ અંગે વારંવાર જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ યોગ્ય પ્રતિસાદ આપવામાં આવ્યો નથી. જેથી આખરે કંટાળીને ગ્રામજનોએ કલેક્ટર કચેરીએ દોડી જઈ આવેદન પત્ર સોંપ્યું છે. ગ્રામજનોએ માંગ કરી છે કે લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાને રાખીને રસ્તાનું કાયમી ડામર પેચવર્ક કરવામાં આવે અને ધૂળ ઊડતી અટકાવવા યોગ્ય પગલાં ભરાય, અન્યથા આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### ૧૪મી ગુજરાત સ્ટેટ કુડો ટુર્નામેન્ટમાં

## વલસાડના ખેલાડી નિર્મિત તૃપ્તિ ભાનુશાલીએ બે ગોલ્ડ મેડલ મેળવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** સુરત ખાતે યોજાયેલી ૧૪મી ગુજરાત સ્ટેટ કુડો ટુર્નામેન્ટમાં વલસાડના પ્રતિભાશાળી કુડો ખેલાડી નિર્મિત તૃપ્તિ પાર્થ ભાનુશાલીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બે ગોલ્ડ મેડલ મેળવી શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે.નિર્મિતની આ સફળતા તેની સતત મહેનત, શિસ્ત, સમર્પણ, દૃઢ મનોબળ અને નિયમિત તાલીમનું પરિણામ છે. તેની આ સિદ્ધિ પાછળ કોચ તરુણ ધિમ્મરનું માર્ગદર્શન અને સતત તાલીમ પણ મહત્વપૂર્ણ રહ્યું છે.

નિર્મિતની આ સિદ્ધિથી પરિવારજનો, મિત્રો તેમજ સમગ્ર વલસાડ અને ભાનુશાલી સમાજમાં ગૌરવની લાગણી પ્રસરી છે. નાની ઉંમરે બે ગોલ્ડ મેડલ મેળવી નિર્મિતે પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. નિર્મિત ભવિષ્યમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સિદ્ધિઓ હાંસલ કરી વલસાડ અને સમગ્ર ભાનુશાલી સમાજનું નામ ગૌરવપૂર્વક રોશન કરે, તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## વાપીની એસઆરએસ જ્ઞાનધામ સ્કુલમાં શિક્ષક દિવસ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** ભારત રત્ન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિની ઉજવણી માટે ૫ સપ્ટેમ્બરના રોજ વાપી સ્થિત સંધ્યા શ્રોફ જ્ઞાન ધામ સ્કૂલમાં શિક્ષક દિવસની ખૂબ જ શ્રદ્ધાંજલિ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત આચાર્ય પ્રવીણ સુબ્રમણ્યમ, સંયોજકો અમૃતા અજયકુમાર અને સુરભી રાય અને વરિષ્ઠ શિક્ષકો દ્વારા ડૉ. રાધાકૃષ્ણનને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.

ત્યારબાદ આચાર્યનું સંબોધન થયું. અધ્યક્ષ સંધ્યા શ્રોફ વતી તેમણે જ્ઞાન ધામના સમગ્ર શિક્ષક સમુદાયને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. તેમના પ્રેરણાદાયી ભાષણમાં, તેમણે ભાર મૂક્યો કે વિદ્યાર્થીઓને મૂલ્યો અને આત્મવિશ્વાસ સાથે માર્ગદર્શન આપવાની જવાબદારી શિક્ષકની છે. તેમણે શિક્ષકોને સાચા યોગદાનકર્તા બનવા માટે જ્ઞાન ધામ ભાવનાને જાળવી રાખવા વિનંતી કરી. તેમણે શ્લોક અજ્ઞાન-તિમિરાન્ધસ્ય જ્ઞાનજ્ઞાન-શલાકાયા સાથે સમાપન કર્યું શ્રી-ગુરવે નમઃ - જ્ઞાનના પ્રકાશથી અજ્ઞાનના અંધકારને દૂર કરનારા ગુરુને વંદન. વિદ્યાર્થી કેબિનેટ દ્વારા તેમના શિક્ષકોને શ્રદ્ધાંજલિ રૂપે તૈયાર કરાયેલ હૃદયસ્પર્શી અને મનોરંજક વિડિઓ પ્રસ્તુતિ સાથે ઉજવણી ચાલુ રહી. આ પછી શિક્ષકો દ્વારા રજૂ કરાયેલ ભાવનાત્મક સંગીતમય મિશ્રણ અને આચાર્ય દ્વારા જોડાયા, જેણે ગરમ અને આનંદદાયક વાતાવરણ બનાવ્યું. ત્યારબાદ, એક વ્યાવસાયિક મનોરંજનકાર, શ્રી ગણેશે આકર્ષક અને મનોરંજક ટીમ અને વ્યક્તિગત રમતોની શ્રેણીનું સંચાલન કર્યું. જેમાં હાજર રહેલા બધાને હાસ્ય અને ઉલ્લાસ મળ્યો. સમગ્ર કાર્યક્રમ એક જીવંત અને ઉર્જાવાન ગરબા સત્ર સાથે ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો જ્યાં દરેકે ઉત્સાહપૂર્વક ભાગ લીધો, ત્યારબાદ સ્વાદિષ્ટ ભોજનનો કાર્યક્રમ યોજાયો.

## ડુંગરાની પ્લાસ્ટ ઈન્ડિયા ઈન્ટરનેશનલ યુર્નિ.નો સ્થાપના દિવસ ઉજવાયો

### શિક્ષક દિન તથા 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની સ્મૃતિમાં રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** વાપી ડુંગરા સ્થિત પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટીમાં યુનિવર્સિટીના સ્થાપના દિવસ, શિક્ષક દિન તથા 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની સ્મૃતિમાં રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, મ્યુઝિક, સ્પીચ, પોએટ્રી અને ડ્રામા સહિતની વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. પ્રોજેક્ટ ઈનચાર્જ મનન શેઠે યુનિવર્સિટીની બે વર્ષની સફરની માહિતી આપી હતી. ઈનચાર્જ રજિસ્ટ્રાર વિરલ વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્લાસ્ટઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત નોન-પ્રોફિટ યુનિવર્સિટીમાં હાલમાં ઈજનેરી અભ્યાસક્રમો ચાલી રહ્યા છે અને આગામી સમયમાં મેનેજમેન્ટના કોર્સ શરૂ કરાશે. જરૂરિયાતમંદ તથા તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. મુખ્ય અતિથિ વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલે ઉપસ્થિત રહી યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય અને વિદ્યાર્થીઓની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં કિરણ પાટીલ, વિરલ વૈષ્ણવ, મનન શેઠ સહિત અધ્યાપકો, સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપી વોર્ડ નં.૧૧ માં સફાઈ અભિયાન હાથ ધરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી નગરપાલિકાના વોર્ડ નં.૧૧ માં ચૂંટાયેલા સભ્યો અને સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહેલું શ્રમદાન અન્ય વોર્ડ માટે રાહ ચીંધી રહ્યું છે. આ વોર્ડના સભ્યો તેમના પરિવારજનો સાથે મળી સફાઈથી લઈ નાના-મોટા પ્રશ્નો જાતે ઉકેલી રહ્યા છે. જેમાં કાઉન્સિલર તેજલબેન પટેલ, તેમના પતિ અને માજી પાલિકા સભ્ય મંગેશભાઈ પટેલ, કોંગ્રેસના ખંડુભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, રેશ્માબેન પટેલ તેમજ સ્થાનિક આગેવાનો અને નાગરિકો દ્વારા તાજેતરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. ભડકમોરા, સુલપડ સહિતના વિસ્તારોમાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી.એટલું જ નહીં, મંગેશભાઈ પટેલ દ્વારા રસ્તા ઉપરના ભૂગર્ભ ગટરના દબાઈ ગયેલા અને તૂટેલા ઢાંકણા બદલાવવા અને સ્ટ્રીટ લાઈટના પ્રશ્નો સ્થળ પર ઊભા રહી ઉકેલવામાં આવી રહ્યા છે, જેનાથી સ્થાનિકોએ રાહત અનુભવી છે. આવું અભિયાન દરેક વોર્ડના કાઉન્સિલરો અને જાગૃત નાગરિકો મનપા તંત્રને સાથે રાખી કરે તો અનેક -ૈનો ઉકેલ આવી શકે તેમ છે.

## રોણવેલમાં યુવા સંમેલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વલસાડ તાલુકા દ્વારા સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે યુવા સંમેલનનું આયોજન તા.૬ સપ્ટેમ્બરના રોજ રોણવેલ ગામે આવેલ આશા ગાંધી વિદ્યાલયમાં કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહી સંમેલનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંમેલન દરમિયાન યુવાનો માટે વિવિધ શારીરિક કાર્યક્રમો, બૌદ્ધિક સત્ર તેમજ સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. શારીરિક કાર્યક્રમો દ્વારા શિસ્ત, એકતા, ટીમભાવના અને સંગઠનશક્તિનો પરિચય કરાવવામાં આવ્યો હતો. જ્યારે બૌદ્ધિક સત્રમાં રાષ્ટ્રનિર્માણ, સમાજજીવનમાં યુવાનોની ભૂમિકા, સંસ્કાર અને રાષ્ટ્રસેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા વિભાગ કાર્યવાહ દેવેન્દ્રભાઈ ગાઉંકર દ્વારા યુવાનોને રાષ્ટ્રીય




સ્વયંસેવક સંઘના કાર્ય, સંઘની વિચારધારા, સંગઠનના વિવિધ આયામો તથા સમાજજીવનમાં સંઘની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી રામ સેવાભાવી મંડળના ચિરાગભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે પણ યુવાનોને સમાજ પ્રત્યેની જવાબદારી, સેવાભાવ અને સકારાત્મક ભૂમિકા અંગે પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. સંવાદ સત્ર દરમિયાન યુવાનોને પોતાના પ્રશ્નો અને વિચારો રજૂ કરવાની તક મળી હતી. સંમેલનના માધ્યમથી યુવાનોને સંઘના કાર્ય અને તેની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય મળ્યો હતો. યુવાનોમાં રાષ્ટ્રભાવના, સેવાભાવ, શિસ્ત, સંગઠનશક્તિ અને નેતૃત્વના ગુણો વિકસે તેમજ તેઓ સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવે તેવા ઉદ્દેશ સાથે યોજાયેલ આ યુવા સંમેલનને યુવાનો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

## ધોડિપાડામાં યુવા સંમેલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ધોડિપાડા સ્થિત સાંસ્કૃતિક હોલ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે ભવ્ય યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં ઉમરગામ તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવકો અને યુવતીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતાં.

સંમેલન દરમિયાન યુવા પેઢીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારધારા, સંગઠનાત્મક પ્રવૃત્તિઓ તેમજ વિવિધ સામાજિક કાર્યો અંગે માહિતી આપવામાં આવી હતી. સંઘના સ્થાપક ડો. કેશવ બળીરામ હેડગેવારના જીવનકાર્ય અને સંઘની સ્થાપનાથી અત્યાર સુધીની સફર તથા તેના ઈતિહાસ અંગે પણ યુવાનોને માહિતગાર કરવામાં આવ્યા હતા.યુવાનોમાં રાષ્ટ્રભાવના, સામાજિક જવાબદારી અને સંગઠન પ્રત્યેની સમજ વિકસે તે હેતુથી વિવિધ રમતો અને પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. યુવા વર્ગ સમાજના કાર્યોમાં સક્રિય રીતે આગળ આવે અને સંગઠન વધુ મજબૂત બને તેવા ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ સંમેલનને યુવાનોનો સારો -તિસાદ મળ્યો હતો.

સંમેલન દરમિયાન યુવાનોને સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પોતાની ભૂમિકા નિભાવવા તથા સામાજિક કાર્યોમાં સક્રિય ભાગીદારી કરવા પ્રેરણા આપવામાં આવી હતી.

## વાપીની અંબેમાતા શાળામાં પુસ્તક પરબ, વલસાડ દ્વારા ૩૫૦ જેટલાં પુસ્તકોની ભેટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૮ :** શ્રી અંબે માતા જી.આઈ.ડી.સી. વાપી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી કન્યા વિદ્યાલય (બાલચોંડી, તાલુકો નાનાપોંઢા)ની લાઈબ્રેરીને સમૃદ્ધ કરવાનો પ્રયાસ. વિદ્યાર્થીઓમાં ઈતર વાંચનની ટેવ વિકસે અને તેઓ અભ્યાસ ઉપરાંત જ્ઞાનના વિશાળ વિશ્વ સાથે જોડાય તે હેતુથી પુસ્તક પરબ, વલસાડ દ્વારા શ્રી અંબે વિધાલયને ૩૫૦ જેટલાં ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં.

આ કાર્યક્રમમાં કપરાડા મતવિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, જેઓ આ શાળાના સંસ્થાપક પણ છે, તેમજ નાનાપોંઢા તાલુકાના પ્રમુખ મનીષાબેન પટેલ, ડૉ. દિવ્યેશ ચૌધરી, આચાર્ય ડૉ. જયદીપ મહેતા, ડાયરેક્ટર હર્ષદભાઈ, શાળા પરિવાર તથા અન્ય મહાનુભાવ તથા પત્રકારમિત્રોની ઉપસ્થિતિ રહી હતી. જીતુભાઈ ચૌધરીએ સફારી મેગેઝિન વાંચનનો એમના જીવનમાં



શું મહિમા રહ્યો છે. તથા ઈતરવાચન બાળપણથી જ કેટલું મહત્વનું છે એ વિશે પ્રકાશ પાડતા પુસ્તકનો મહિમા વિશે સરસ વાતો રજૂ કરી. તેમણે પુસ્તક પરબ, વલસાડના આ કાર્યને બિરદાવ્યું અને આનંદ વ્યક્ત કર્યો. પુસ્તક પરબ, વલસાડ તરફથી ડૉ. આશા ગોહિલ, હાર્દિક પટેલ અને દીપકભાઈ મર્ચન્ટ ઉપસ્થિત રહ્યા હતાં. સાયન્સ એક્ઝિબિશનના ઉદ્ઘાટન પ્રસંગે પુસ્તકોનું મહત્વ સમજાવતા ડૉ. આશા ગોહિલે વિદ્યાર્થીઓને જણાવ્યું કે જીવનમાં જ્ઞાન અને વૈજ્ઞાનિક દૃષ્ટિ વિકસાવવામાં પુસ્તકોની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. પુસ્તકો ખરીદવામાં પ્રકાશભાઈ શાહ (સર્વોદય ટ્રસ્ટ, પિંડવળ) તથા કંચનબેન મગનલાલ ભાવસારની પુણ્ય તિથિ નિમિત્તે હસ્તક નીલીમા જીતેન્દ્ર ભાવસાર (વલસાડ) તરફથી આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે.

પુસ્તક પરબ, વલસાડનો આ પ્રયાસ માત્ર પુસ્તકો ભેટ આપવાનો નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં વાંચનની સંસ્કૃતિ વિકસાવીને તેમના જ્ઞાન, વિચારશક્તિ અને વ્યક્તિત્વ વિકાસને નવી દિશા આપવાનો એક સુંદર પ્રયાસ છે.

### દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

## આજે સ્ટીમહાઉસ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ખુલશે

સુરત, તા. ૮ : સ્ટીમહાઉસ ઈન્ડિયા લિમિટેડ એક ભારતીય કંપની છે, જે તેની પાઈપલાઈન નેટવર્ક મારફતે સ્ટીમ અને નાઈટ્રોજન સહિતના ઔદ્યોગિક ગેસના ઉત્પાદન અને સેન્ટ્રલાઈઝ્ડ ડિસ્ટ્રીબ્યુશનના ક્ષેત્રમાં વિશેષતા ધરાવે છે. સ્ટીમહાઉસ ઈન્ડિયા લિમિટેડ તેના પ્રત્યેક રૂ. ૨ના ઈક્વિટી શેરનો આઈપીઓ બુધવાર, ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખોલવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક અગાઉ એટલે કે મંગળવાર, ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ રહેશે.ઓફર માટે પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૭૭થી રૂ.૮૧ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૮૫ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૮૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે.આ ઓફરમાં રૂ. ૩૫૩ કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને વેચાણકર્તા શેરધારક દ્વારા રૂ.૬૧ કરોડ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ અને ફ્રેશ ઈશ્યૂ સાથે મળીને, સામેલ છે. કુલ ઓફરનું કદ રૂ. ૪૧૪ કરોડ થાય છે.કંપનીના ઈક્વિટી શેર્સને BSE અને NSE (BSE and NSE together, the "Stock Exchanges") પર લિસ્ટ કરવામાં આવશે.ઈક્વિરસ કેપિટલ લિમિટેડ (અગાઉ ઈક્વિરસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) આ ઓફરની એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર છે.

## એલસીસી પ્રોજેક્ટ્સે આઈપીઓ માટે પ્રાઈઝ બેન્ડ નક્કી

સુરત, તા. ૮ : એલસીસીપ્રોજેક્ટ્સ વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (ઈપીસી) કંપની છે. એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડે તેના આગામી આઈપીઓ માટે પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૧૩૯-૧૪૬નો પ્રાઈઝ બેન્ડ નક્કી કર્યો છે.રૂ. ૪૨૭ કરોડનો આઈપીઓ ૯ સપ્ટેમ્બરે સબસ્ક્રીપ્શન માટે ખુલશે અને ૧૧ સપ્ટેમ્બરે બંધ થશે.જાહેર કરાયેલી માહિતી અનુસાર, એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીગ ૮ સપ્ટેમ્બરે યોજાશે.ઈપીસી કંપનીના આઈપીઓમાં રૂ. ૨૫૮ કરોડ સુધીના ફ્રેશ ઈશ્યૂ અને ૧,૧૫,૮૫,૦૦૦શેર સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ)નો સમાવેશ થાય છે.પ્રાઈઝ બેન્ડના અપર એન્ડ પર ઈશ્યૂનું કદ આશરે રૂ. ૪૨૭ કરોડ અને લૉઅર એન્ડ પર આશરે રૂ.૪૧૯ કરોડ રહેશે.કંપનીના ઈક્વિટી શેર ૧૭ સપ્ટેમ્બરે બીએસઈ અને એનએસઈ બંને પર લિસ્ટ થવાની દરખાસ્ત છેમોતીલાલ ઓસવાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે, જ્યારે કેફિન ટેક્નોલોજીસ રજિસ્ટ્રાર છે.

## વાપીની ઉપાસના સ્કૂલમાં દહીં-હાંડીનો કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** વાપીની ઉપાસના લાયન્સ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં દહીં-હાંડીનો શાનદાર કાર્યક્રમ યોજાયો. લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગનગરનાં પ્રમુખ પારૂલબેન પારેખ, સેક્રેટરી રોહિની વોરા, શાળાના મેનેજીંગ ટ્રસ્ટી મુકેશભાઈ દેસાઈ, ટ્રસ્ટી અરવિંદભાઈ દેસાઈ, ભક્તિભાઈ શાહ, એન.એન.વી. પ્રસાદ લાયન્સ સભ્યો કિરણ સાંખલા, દક્ષાબેન આચાર્ય, વિશાલ અગ્રવાલ, શીલા સોનગઢવાલા અને શાળાના આચાર્ય તથા ઉપાચાય એ આરતી કરી હતી. શાળાના વિદ્યાર્થીઓએ કૃષ્ણલીલા પર ભજન, નૃત્ય, નાટક વગેરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા. પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. વિભાગમાં દહીં-હાંડીનો શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. શાળાના પટાંગણમાં લગભગ ૨૦ ફૂટ ઊંચી દહીં-હાંડી બાંધવામાં આવેલી હતી. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનાં અલગ-અલગ જૂથ ઘણાં પ્રયાસો પછી દહી-હાંડી પામી શક્યા હતા. આલા રે આલા... ગોવિંદા આલા, નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી...નાં બુલંદ નારાથી ઉપાસનાનું પટાંગણ ભક્તિમય બની ગયું હતું, પારૂલબેન પારેખે શાળાના ગોવિંદાઓને અભિનંદન પાઠવ્યા હતા. લાયન્સ ક્લબ તરફથી શાળાના ગોવિંદાઓને ટીશર્ટ એનાયત કરવામાં આવ્યા. શાળાના બાલમંદિરનાં ભૂલકાઓ કૃષ્ણવેશમાં પધાર્યા હતા. દક્ષાબેન આચાર્યએ વિદ્યાર્થીઓને કૃષ્ણાવતારનું મહત્વ સમજાવીને આપણા કર્મ અને ધર્મનું મહત્વ સમજાવ્યું. શાળાના આચાર્ય મેડમે પોતાની મધુર શૈલીમાં લાયન્સ ક્લબ અને શાળાના ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો. છેવટે રાષ્ટ્રગીત ગાઈ સૌ છૂટા પડયા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકો અને બિન રશૈક્ષણિકગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## રોફેલ કોલેજમાં શિક્ષક દિનની ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** સી.ડી. જોબાલીયા રોફેલ આર્ટસ એન્ડ આઈ.એસ.આર. અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ વાપીમાં તારીખ ૫મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ઁશિક્ષક દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓને ભારતના મહાન શિક્ષણ શાસ્ત્રી અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન અને શિક્ષણ ક્ષેત્રે એમના યોગદાન વિશે ડો. એમ.યુ. દરુએ માહિતી આપી અને વિદ્યાર્થીઓએ શિક્ષકો પ્રત્યેના સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ



શિક્ષકની ભૂમિકા ભજવીને વર્ગોનું સંચાલન કર્યું. અમારી કોલેજના નિવૃત્ત આચાર્ય જી. કે. રુવાલા, પ્રો. ડો. વી.એસ. પાઠક, પ્રો. ડો. એચ.એમ. ટંડેલ, પ્રો.કે.પી. ચાવડાનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. કોલેજના નિવૃત્ત આચાર્યે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંદેશ આપ્યો. આ સમગ્ર કાર્યક્રમથી કોલેજમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું.

કોલેજના આચાર્યા ડો.એચ.એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સહભાગી બનેલા તમામ વિદ્યાર્થીઓનો આભાર માન્યો. રાષ્ટ્રગીત સાથે આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

દમણગંગા ટાઇમ્સ

# એક સમયે વાપીના લોકોના ક્ષેમકુશળની જવાબદારી થોડાં જનરલ પ્રેક્ટીશનોરના માથે હતી!

**વાપીમાં બિમારોની સારવારમાં ડો. ઉપેન્દ્રભાઈ કે. દેસાઈ અને ડો. ટી.એમ. દેસાઈનું નામ મોખરે હતું : દર્દી સાજો ન થાય ત્યા સુધી ઘરે જઈ સારવાર કરતાં : વાપીમાં ઉપદ્યોગનગર આવતાં હોસ્પીટલોની લાઈન લાગી : નારાયણ હોસ્પિટલના ડો. બી.એમ. જોશીની સેવાની કદર વાપીવાસીઓએ નકારી : વાપીની હરિયા રોટરી હોસ્પીટલનો આજનો વિકાસ ડો. એસ.એસ. સિંગને આભારી : વાપીમાં કેટલીક હોસ્પિટલો બિમારોને બલિનો બકરો માની બિલ બનાવે છે : નાણામંત્રી કનુભાઈ દેસાઈ એકાદ માસમાં વાપીને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની ભેટ આપી રહ્યાં છે : નારગોલના સ્વીટીબેન ભંડારીએ દારૂબંધી દુર કરવા ખરી હિંમત દાખવી**

**દમણગંગાના તીરેથી**



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

આજે તો વાપીમાં સ્પેશ્યાલિટી હોસ્પિટલોની વણઝાર ઉભી થઈ ગયેલી છે, પણ વાપીમાં એક સમય એવો પણ હતો કે જયારે વાપીના રહીશોના આરોગ્યની જવાબદારી આંગળીના વેઢે ગણી શકાય એટલાં તબીબો સંભાળતા હતાં.

વાપીમાં આ બધા પૈકી ડો. ઉપેન્દ્રભાઈ કે. દેસાઈ અને ડો. ટી.એમ. દેસાઈનું નામ બિમારોની સારવાર માટે મોખરે હતું. તે સમય એવો હતો કે વાપીના બિમારો આ જનરલ પ્રેક્ટીશનરોની દવાથી સારા ન થાય ત્યા સુધી આ તબીબો દર્દીના ઘરની મુલાકાત લેતાં જ રહતાં. તે સમયે બિમારીઓ પણ આજના જેવી ગંભીર નહોતી. મોસમ મુજબની બિમારી યા તો મચ્છરજન્ય મેલેરિયા તાવની બિમારી વધુ જણાતી. જનરલ પ્રેક્ટીશનરો આવા તાવમાં લાલ લીકવીડ જેવી કડવી દવા બાટલીમાં ભરી આપતાં. આ બાટલી પર લખવામાં આવતું કે દર ચાર કલાકે દવા હલાવીને લેવી.

તે સમયે વાપીમાં સારવાર માટેની હોસ્પિટલ પણ નહોતી. હોસ્પિટલની સારવાર માટે વલસાડની દિશા પકડવી પડતી.

એ પછી વાપીમાં ઉદ્યોગનગરની સ્થાપના થઈ. વર્ષના વહેવા સાથે વાપીમાં ઉદ્યોગ અને વાણિજય ક્ષેત્રની હરણફાળના કારણે હોસ્પિટલોની જરુરીયાત વર્તાવા માંડેલી.

તે સમયે વાપી જીઆઈડીસીમાં રોટરી કલબ દ્વારા નિરામય હોસ્પિટલ શરુ કરવામાં આવેલી અને વાપી ટાઉનમાં નારાયણ હોસ્પિટલ ડો. બી.એમ. જોશીએ શરુ કરેલી એવુ સ્મૃતિમાં છે. ડો. બી.એમ. જોશી ખુબ જ ભલા તબીબ હતાં. આજે પણ વાપીના કેટલાક વરિષ્ઠ તબીબો માને છે કે ડો. બી.એમ. જોશીની વાપીના પ્રજાજનોએ અપેક્ષિત કદર કરેલી નથી. મતબલ, વાપીના લોકો સ્વાર્થી છે.

જીઆઈડીસીએ આપેલી વિનામૂલ્ય જમીનમાં રોટરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ડિસ્પેન્સરીથી શરુ કરી હોસ્પિટલ સુધીની તબીબી સેવા શરુ કરવામાં આવી હતી. ખાસ તો વાપી ઉદ્યોગનગરને કારણે આ હોસ્પિટલની ઉપયોગીતા વધુ બની રહી હતી. આ હોસ્પિટલનું સંચાલન કરતાં ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ સમર્પણની ભાવનાથી કામ કરતાં હોઈ હોસ્પિટલ એક નાના વૃક્ષમાંથી આજે તો એક સમયના ઘટાદાર કબીરવડ જેવી બની ગયેલી છે.

એ દરમિયાન, વાપીના જ એક જાણીતા ઉદ્યોગપતિ લખમશી ગોવિંદજી હરિયા (હરિયા ગાર્મેન્ટવાળા) એ તે સમયે સારુ એવું દાન આપતાં આ હોસ્પિટલનુ નામ બદલાયું. અને નિરામયમાંથી 'એલ.જી. હરિયા રોટરી હોસ્પિટલ' નામકરણ થયેલું.

અગાઉ આ હોસ્પિટલના મુખ્ય તબીબ તરીકે ડો. અશોક અભ્યંકર હતાં. વર્ષો સુધી તેમણે આ હોસ્પિટલને સેવા આપી હતી. પરંતુ જાણવા પ્રમાણે, સંચાલક મંડળ સાથેના કોઈ વિવાદના કારણે તેઓ છૂટા થયા હતાં. અને વાપીમાં પોતાની હોસ્પિટલ શરુ કરી હતી.

ડો. અશોક અભ્યંકરની સર્જરીના ક્ષેત્રે માસ્ટરી હોવાનું સૌ કોઈ કહેતું હતું.

આજે તો એલ.જી. હરિયા હોસ્પિટલનો ગજબનો વિકાસ થયેલો છે. આ માટે આ હોસ્પિટલના ચીફ ફીજીશિયન, ડાયરેકટર ઓફ મેડિકલ સર્વિસીસ ડો. એસ.એસ. સિંઘને પુરો યશ આપવો ઘટે. ડો. શંભુશરણ સિંઘ વર્ષોથી આ હોસ્પિટલ સાથે જોડાયેલા છે. આ હોસ્પિટલમાં તમામ પ્રકારની બિમારીઓના નિદાન અને ઈલાજની સુવિધા એક જ સ્થળે ઉપલબ્ધ થાય છે. એ સિંઘ સાહેબને આભારી છે. હવે તો આ હોસ્પિટલમાં ઉદાર દિલથી દાન આપનારના નામથી પી.એમ. દેસાઈ (વલવાડા) કેન્સર કેર સેન્ટર પ શરુ કરવામાં આવેલ છે. આ સેન્ટરમાં મેડિકલ ઓન્કોલોજી, રેડિએશન ઓન્કોલોજી, સર્જિકલ ઓન્કોલોજી, ઈમ્યુનો ઓન્કોલોજી અને પેલિયેટીવ કેર જેવી સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

હોસ્પિટલમાં આયુષ્યમાન ભારત, ઈ.એસ.આઈ.સી. તથા અન્ય કેશલેશ સુવિધા દ્વારા વિનામૂલ્યે સારવાર કરાયે છે.

વાપીમાં ઉપર જણાવ્યા પ્રમાણે હોસ્પિટલો તો ઢગલાંબંધ છે પરંતુ મોટા ભાગની હોસ્પિટલો દર્દીને ઈદનો બકરો માની સારવારનું બિલ બનાવાતું હોવાનો કચવાટ જોવા મળે છે. ટુંકમાં મોટા ભાગની હોસ્પિટલોનો અભિગમ વેપાર જેવો બની ગયેલ છે. આમાં ગરીબ અને મધ્યમ વર્ગને માટે બિમારી શ્રાપરૂપ બની રહેતી હોય છે. પરીક્ષણોનો કમરતોડ માર વધારાનો !

પારડીના ધારાસભ્ય તથા નાણા અને શહેરી વિકાસમંત્રી કનુભાઈ દેસાઈના સ્તુત્ય પ્રયાસોના કારણે વાપી નેશનલ હાઈવે નં. ૪૮, બલિઠામાં રૂા. ૫૦ કરોડના ખર્ચે એક મીની સિવિલ હોસ્પિટલ હવે લગભગ પૂર્ણતાના આરે છે. આ હોસ્પિટલ માટે તા. ૪-૮-૨૦૨૨ના રોજ નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા વિભાગે ૧૦,૧૨૦ ચો.મી. જગ્યા ફાળવી હતી. આ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ કાર્યરત થતાં લગભગ સાડા ત્રણ લાખની આબાદીને તેનો લાભ મળશે.

આ હોસ્પિટલમાં પણ નિદાન અને સારવારની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. હોસ્પિટલમાં ૧૫૦ બેડની વ્યવસ્થા કરાઈ છે. આ હોસ્પિટલમાં ૨૪ કલાક ઈમરજન્સી સારવાર, ડે એન્ડ નાઈટ મેડિકલ સ્ટોર, સી.ટી. સ્કેન, એકસ-રે, લેબોરેટરી, બ્લડ બેંક, ચાર જેટલા ઓપેરશન થિયેટર્સ વગેરે સુવિધાઓથી સજજ હોસ્પિટલ મધ્યમ અને ગરીબ વર્ગ માટે આશીર્વાદરૂપ બની રહેશે.

એક અંદાન પ્રમાણે, એકાદ માસમાં આ હોસ્પિટલનું લોકાર્પણ થવાની શકયતા છે. વાપીની નજીકના દાદરા નગર હવેલી અને દમણમાં પણ પ્રશાસક પ્રફુલભાઈ પટેલે ભરપુર આરોગ્ય સેવાઓનો લાભ પ્રજાજનોને આપ્યો છે.

ગયા ઓગસ્ટ માસમાં કેન્દ્રશાસિત દમણના મરવડ ખાતે ૩૪૨ બેડની વિશ્વ કક્ષાની નમો સ્પેશિયાલિટી હોસ્પિટલનો શુભારંભ થયો હતો. આ હોસ્પિટલનો લાભ આસપાસના ગુજરાતના ગામોના લોકોને પણ મળશે.

હોસ્પિટલના શુભારંભ પ્રસંગે પ્રશાસક પ્રફુલભાઈ પટેલે હોસ્પિટલના દર્દીઓની પણ મુલાકાત લઈ તેમના સ્વાસ્થ્યની શુભકામના વ્યકત કરી હતી.

આ નમો હોસ્પિટલમાં નિદાન અને સારવારની તમામ સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે. હોસ્પિટલમાં ૧૯૨ જનરલ પથારી, ૨૪ ડિલકસ રૂમ્સ અને ૨૪ આઉટ પેસેન્ટ વિભાગ પણ કાર્યાન્વિત કરાયાં છે.

આ હોસ્પિટલને કારણે હવે સારવાર માટે મોટા શહેરો સુધી લાંબા થવા નહીં પડે.

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં પણ આરોગ્યસેવાઓ પ્રશાસક પ્રફુલભાઈ પટેલે ટનાટન બનાવેલી છે. નમો મેડિકલ કોલેજ પ્રફુલભાઈ પટેલની ભેટ છે. સેલવાસની સિવિલ હોસ્પિટલનો લાભ પણ હજારો દર્દીઓ લઈ રહ્યાં છે. આ હોસ્પિટલનો લાભ મહારાષ્ટ્રના તલાસરી વિભાગના લોકો પણ લઈ રહ્યાં છે.

વાપી, દાદરા નગર હવેલી અને દમણમાં આટલી બધી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ હોવા છતાં હજુ પણ ખમતીઘરો સારવાર માટે મુંબઈ, સુરત અને અમદાવાદની દિશા પકડતાં જોવા મળે છે. જે દર્શાવે છે કે વાપી હજુ મુંબઈ, સુરત અને અમદાવાદની સમકક્ષ બની શક્યું નથી.

વાપીમાં હોસ્પિટલોને દર્દીઓનો સ્વાદિષ્ટ ખોરાક મળી રહ્યાના કારણમાં ઔદ્યોગિક પ્રદુષણને પણ જવાબદાર માનવામાં આવે છે. હવા, પાણી અને ધરતીના પ્રદુષણે આમ જનતાના શરીરને ખોખલી કરી દીધેલાં હોય છે. પરિણામે હોસ્પિટલના પગથિયા ચઢવા સિવાય છુટકો નથી.

વાપીને ચીરી નેશનલ હાઈવે જાય છે. સ્ટેટ હાઈવે પણ વાપીને લાગે છે. આ સિવાયના માર્ગો ઉપર પણ વાપીમાં માર્ગ અકસ્માતોના સિલસિલો ચાલુ રહેતો હોય છે અને તે ઘણી હોસ્પિટલોને ચાલવા માટે ઈંધણ પુરુ પાડે છે!


## ઉમરગામ તાલુકાના નારગોલના મહિલા સરપંચનો બેઅસર દારૂબંધી અંગે સોંસરો સવાલ...

થોડા સમય ઉપર ભાવનગરમાં નકલી દારૂનો લઠ્ઠાકાંડ સર્જાયો તેણે ગુજરાતની નિષ્ફળ દારૂબંધી અંગે ભારે ચર્ચા જગાવી છે. ઉમરગામ તાલુકાના પ્રવાસન સ્થળ નારગોલના મહિલા સરપંચ સ્વીટીબેન ભંડારીએ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલેને પત્ર લખી નશાબંધીને પાટુ મારવા જણાવ્યું છે. તેમણે પ્રવાસન વિકાસ માટે નારગોલમાં શરાબબંધી હળવી કરવી જોઈએ એમ જણાવ્યું છે. સ્વીટીબેને દારૂબંધી દુર કરવાથી નારગોલને થનાર વિવિધ ફાયદાઓ પણ જણાવ્યા છે. અને ઉમર્યુ છે કે તાડીના વેચાણને છુટ આપવાથી ભંડારી સમાજની પરંપરાગત રોજીરોટી શરુ થાય એમ છે.

સરપંચ સ્વીટીબેને ઉમરગામના ધારાસભ્યને પણ દારૂબંધી હળવી કરવા વિધાનસભાના સત્રમાં પ્રશ્ન ઉઠાવવા વિનંતી કરી છે. તેમણે વિધાનસભ્યને વાઈન, બિયરની છુટ આપવા પણ જણાવ્યું છે.

# ધ્યાનની નહીં, ધ્યાનથી કામ કરવાની જરૂર છે

**વાસ્તવિકતા**



**સ્વામી સચ્ચિદાનંદ**

(ગતાંકથી શરુ)

આ રીતે હિન્દુ પ્રજાની સંખ્યા ઓછી કરવાનું આ સ્પષ્ટ ષડયંત્ર ચાલી રહ્યું છે. સંતતિનિયમન અને કન્યાઓની અછતના કારણે હિન્દુપ્રજા પહેલેથી જ ઓછી ઉત્પાદક છે. હવે ધર્માંતરણથી તે વધુને વધુ ઓછી થતી જશે. દુઃખદ આશ્ચર્ય એ છે કે આવી સ્થિતિ કરનારા મતલોભી હિન્દુઓ જ છે. તેમને નજીકના મતો તો દેખાય છે, પણ દૂરનાં વિભાજનો દેખાતાં નથી. પ્રત્યેક વિભાજન શાંતિથી થતાં નથી. વિભાજન પહેલાં વર્ષો સુધી ભયંકર પારસ્પરિક હિંસા થતી હોય છે.

આવી પારસ્પરિક હિંસામાં મોટા ભાગે હિન્દુપ્રજા જ માર ખાતી હોય છે. કારણ કે તે આક્રમક નથી, હિંસાવાદી નથી. સદીઓથી માર ખાતી આવી છે અને તેના મોટા નેતાઓએ માર ખાવાનો આદર્શ આપ્યો છે. તેને ગૌરવ છે કે અમે માર ખાઈને આઝાદી લીધી છે. મારીને નહિ. આ રીતે સ્પષ્ટ છે કે હિન્દુપ્રજાનું ભવિષ્ય અંધકારમય છે. આવું અંધકારમય ભવિષ્ય બનાવનારાં ત્રણ પરિબળો છે. ૧. મતલોભી ટૂંકી બુદ્ધિના નેતાઓ,

૨. વર્ણવાદી આભડછેટિયો વર્ગ અને

૩. પોતાના પછાતભાઈઓ પ્રત્યે ઉપેક્ષા ધરાવતા આચાર-વિચારો.

પૂર્વે કહ્યું તેમ હિન્દુપ્રજા રાજનીતિક પ્રજા નથી. તેથી તે ખરા સમયે મતદાન કરવા જતી નથી. પૂરેપૂરું અને પરિણામલક્ષી મતદાન ન કરવાથી, તેના મતોની કિંમત નથી થતી. તેથી રાજનેતાઓ તેની ઉપેક્ષા કરે છે. તેને નારાજ કરી શકે છે. જે લોકો પૂરેપૂરું અને હેતુલક્ષી મતદાન કરે છે તેમની ઉપેક્ષા ન કરી શકાય. તેમના મતોથી રાજસત્તા મેળવાય છે. પ્રત્યેક ચૂંટણી વખતે તેમને રાજી કરવા નવી-નવી અનામતો અને નવા-નવા આર્થિક-રાજકીય લાભોની યોજનાઓ આપવી પડે છે. આ બધી યોજનાઓ રાષ્ટ્ર-આધારિત નહિ પણ કોમ—આધારિત હોય છે. તેથી કોમવાદ વધે છે. ચૂંટણી તો ચાલી જાય છે, પણ આપેલી યોજનાઓ સ્થાયી થઈ જાય છે. આ ભયંકર દૂષણ પ્રત્યેક ચૂંટણીએ વધતું જ જાય છે અને તે હિન્દુઓ પોતે જ વધારે છે. પોતે જ પોતાની ઘોર ખોદે છે. ખરેખર તો હિન્દુ-જા રાજનીતિક પ્રજા નથી તેથી તેને રાજ કરતાં આવડતું નથી. તે પોતે જ પોતાનું ભવિષ્ય બગાડે છે. દેશના ફરીથી ટુકડા થાય તેવી યોજનાઓ કાઢે છે. આથી વધુ કરુણ શું હોય? આ બધી ભવિષ્યની આપત્તિઓથી બચવું હોય તો, હિન્દુપ્રજા રાજકીય પ્રજા બને. (માત્ર સાંપ્રદાયિક કે આત્મવાદી નહિ) પૂરેપૂરું અચૂક મતદાન કરે. અને કોમલક્ષી લાભ પહોંચાડનારાને નહિ પણ પૂરા રાષ્ટ્રલક્ષી લાભો પહોંચાડનારાને મત આપે. અન્યથા રામ ભજો ભાઈ રામ. આ કેટલો મોટો અન્યાય અને નવાઈ છે કે ૮૦થી ૯૦ ટકા રેવન્યુ આપનાર -જા માટે (સવર્ણ હિન્દુ) એક પણ યોજના નહિ અને જે દશ ટકાય રેવન્યુ આપતા નથી તેમના માટે યોજનાઓ જ યોજનાઓ અને તે પણ માત્ર ગરીબો માટે નહિ શ્રીમંતો માટે પણ અને આ બધું મતલોભી ટૂંકી દૃષ્ટિના હિન્દુઓ દ્વારા કોઈએ મહાત્મા બુદ્ધને પૂછ્યું કે દુઃખનું કારણ શું? તો જવાબ મળ્યો કે 'ઇચ્છા' સુખી થવું હોય તો ઇચ્છાનો નાશ કરો. ત્યાગ કરો. લોકો ઇચ્છાનાશની સાધનામાં લાગી ગયા. એ સાધના હતું ધ્યાન. ધ્યાન કરો, ધ્યાન કરો. લોકો ધ્યાન કરવા લાગ્યા. ઇચ્છાહીનતા પુરુષાથપ્રેરક નથી હોતી. તે નિષ્ક્રિયતાપ્રેરક હોય છે. પૂરી પ્રજા ધ્યાન દ્વારા ઇચ્છાહીનતા તરફ વળી. તેથી કદાચ શાંતિ તો મળી શકે. પણ સમૃદ્ધિ અને સામ્રાજ્યભાવ ગયો. કદાચ આ જ કારણસર અહીં એક નિવૃત્તિમાર્ગ નીકળ્યો. કેટલાક અધ્યાત્મવાદીઓ પોતાને ગૌરવપૂર્વક નિવૃત્તિમાર્ગી બતાવે છે. અર્થાત્ અમે હવે કશી પ્રવૃત્તિ નથી કરતા. સંસારના પંચથી મુક્ત છીએ. સંસારને તેઓ પંચ માને છે. ઇચ્છાહીનતા કે ઇચ્છામંદતાથી મોટાં કાર્યો નથી થતાં. તેવી ઇચ્છા જ નથી થતી, આ જ કારણસર અહીં કોલંબસ, વાસ્કો-ડી-ગામ, જેમ્સ કૂક, સિકંદર કે નેપોલિયન ન થયા. તેવું થવાની ઇચ્છા જ ન હતી. ન વ્યક્તિને ન રાષ્ટ્રને. ચિંતન જ આવું હતું. મોટાં અને અતિકઠિન કાર્યો, મહત્ત્વાકાંક્ષાથી થતાં હોય છે. જો ઇચ્છાનો જ ત્યાગ કરવાનો હોય તો મહેચ્છા તો કરે જ કોણ? હવે તો સમજાયું કે દેશ ગુલામ અને ગરીબ કેમ થયો? માત્ર મહાત્મા બુદ્ધે જ ઇચ્છાનાશની વાત નથી કહી, બીજા ઘણા અધ્યાત્મવાદીઓએ આવી જ વાત કહી છે, કરે છે તેથી તેનો વ્યાપક પ્રભાવ પડ્યો હતો, પડ્યો છે, પ્રજા જે અધ્યાત્મ તરફ વળી તે મહત્ત્વાકાંક્ષા વિનાનું હતું. ખરેખર ઇચ્છાહીનતા શક્ય જ નથી. ઇચ્છા કુદરતી બક્ષિસ છે. તેથી તો જીવન છે. ઇચ્છા જ પ્રવૃત્તિની પ્રેરક છે. પુરુષાર્થ અને કર્મઠતાની પણ પ્રેરક છે. ઇચ્છાહીન થવા માટે ધ્યાન'નો આશરો લેવો પડ્યો. નિર્વિકલ્પક સમાધિ આનું જ નામ છે. ખરેખર ધ્યાનની જરૂર જ નથી, ધ્યાનથી કામ કરવાની જરૂર છે. પણ કામ જ ક્યાં કરવું છે? નિવૃત્તિ જ નિવૃત્ત કરવી છે. પ્રજા ધ્યાન તરફ વળી. ધ્યાને ઇચ્છાહીનતા અને નિષ્ક્રિયતા આપી, જે અધ્યાત્મ થઈને પૂજાઈ છે. ધ્યાનપૂર્વક કર્તવ્યકર્મ કરનાર જ ધ્યાનયોગી કે કર્મયોગી બને છે. જે કર્તવ્ય છોડાવે, ઘર છોડાવે, સંબંધો તોડાવે, પુરુષાર્થ છોડાવે તેવા ધ્યાન કરવા કરતાં ધ્યાનપૂર્વક કર્તવ્ય શિખવાડે તે ધ્યાન ઉત્તમ છે. કલ્યાણકારી છે. મહાન કાર્યો કરનારી પ્રજા મહાન બનતી હોય છે. ધ્યાન કરનારી નહિ. મહાન પ્રજાથી જ દેશ મહાન બનતો હોય છે. ટ્રકોની પાછળ 'મેરા ભારત મહાન લખી દેવા માત્રથી મહાન ન થવાય. મહત્ત્વાકાંક્ષાવાળી પ્રજા જ મહાન કાર્યો કરતી હોય છે. ઇચ્છાહીન અતિસંતોષી પ્રજા આપોઆપ કનિષ્ઠ પ્રજા થઈ જતી હોય છે. આપણને ઇચ્છાહીનતા અને અતિસંતોષનો ઉપદેશ આપનારાઓએ આપણને ગુલામ-દરિદ્ર અને પછાત બનાવ્યા. ઇચ્છાહીનતા કે અતિસંતોષથી શાંતિ મળે છે. તે વાત સાચી પણ આવી શાંતિ સ્થાયી નથી હોતી. આવી શાંતિથી ઉત્પન્ન થયેલી દરિદ્રતા, ગુલામી, અસુરક્ષા વગેરે નવા પ્રશ્નો ઊભા કરતી હોય છે. તેથી અશાંતિ જન્મતી હોય છે. નિતાંત સુખ કે નિતાંત શાંતિ હોતી જ નથી. કર્મઠ અને જવાબદારીભર્યું જીવન જીવનારને થોડુંક દુઃખ અને અશાંતિ હોય જ છે. પણ તેથી કર્તવ્ય છોડીને ભગાય નહિ, ભાગે તો તે પલાયનવાદ છે.

(વધુ આવતા અંકે)

**માટીના ગણપતિ બાપ્પા થકી પર્યાવરણ બચાવવાના મહાસંકલ્પ સાથે અનોખી પહેલ**

# વલસાડની મહિલાએ ૬૦ જેટલી આકર્ષક મૂર્તિઓ તૈયાર કરી







(જિક્ષેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૦૮ :** આગામી દિવસોમાં આસ્થા અને શ્રદ્ધાનો મહાપર્વ ગણેશ ચતુર્થી આવી રહ્યો છે ત્યારે સમગ્ર દેશમાં ગણેશજીની સ્થાપનાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તહેવારો આપણી આસ્થા અને પવિત્રતાના પ્રતીક છે, પરંતુ બદલાતા સમય સાથે ગણેશ મહોત્સવમાં પી.ઓ.પી. (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની મૂર્તિઓના વધતા ઉપયોગથી પર્યાવરણ સામે ગંભીર પડકાર ઊભો થયો છે. આવી સ્થિતિમાં નદી, જળાશયો અને સમુદ્ર તેમજ તેમાં વસતા જળચર જીવો અને સમગ્ર જીવસૃષ્ટિના રક્ષણ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત'માં પી.ઓ.પી.ની મૂર્તિઓનો ઉપયોગ ટાળવા તેમજ સ્થાનિક કારીગરો દ્વારા બનાવવામાં આવતી શુદ્ધ માટીની ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓ સ્થાપિત કરવા અને 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન આપવા દેશવાસીઓને આહવાન કર્યું છે.

વડાપ્રધાનના આ સંદેશને વલસાડની ચૈતાલીબેન રાજપૂત અને તેમની મહિલા ટીમ ખરા અર્થમાં સાકાર કરી રહી છે. જેઓ કલકત્તા અને મોરબીથી વિશેષ માટી મંગાવીને શુદ્ધ માટીના ગણપતિ બાપ્પાની મૂર્તિઓ બનાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યાં છે.

ફાઈન આર્ટ્સમાં એપ્લાઈડ આર્ટનો અભ્યાસ પૂર્ણ કરનાર ચૈતાલીબેને વર્ષ ૨૦૧૬માં માત્ર માટી અને પાણીના મિશ્રણથી એક માટીની ગણેશ મૂર્તિ બનાવીને આ કાર્યની શરૂઆત કરી હતી. તેમની હસ્તકલાને લોકોનો વ્યાપક પ્રતિસાદ મળતાં દર વર્ષે તેઓ મૂર્તિઓની સંખ્યા વધારતા ગયા. ચાલુ વર્ષે તેમણે ૬ ઈંચથી લઈને સાડા ત્રણ ફૂટ સુધીના કદની અંદાજે ૬૦ જેટલી માટીની ગણેશ મૂર્તિઓ તૈયાર કરી છે.

આ અંગે કલાકાર ચૈતાલીબેન રાજપૂત જણાવે છે કે, સમગ્ર ભારતમાં તેઓ એકમાત્ર મહિલા છે કે જેઓ મહિલા ટીમ સાથે મળીને આ પ્રકારનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. આ ક્ષેત્રમાં પુરુષ કારીગરોનું પ્રમાણ વધુ જોવા મળે છે, ત્યારે મહિલા ટીમ સાથે મળીને આ કાર્ય કરવું મારા માટે ગૌરવની વાત છે. ચૈતાલીબેનના જણાવ્યા મુજબ, પી.ઓ.પી.ની મૂર્તિઓ અને તેમાં વપરાતા રાસાયણિક રંગો જળસ્રોતો માટે ગંભીર ખતરો ઊભો કરે છે. આ રસાયણો પાણીમાં ભળવાથી જળચર જીવો તેમજ માનવ સ્વાસ્થ્ય પર પણ વિપરીત અસર થઈ શકે છે. મોટી મૂર્તિઓમાં સળિયાનો ઉપયોગ થતો હોવાથી વિસર્જન બાદ કાચબા, માછલી સહિતના જળચર જીવો તેમાં ફસાઈને મરી જાય છે.

આ ઉપરાંત, સૌથી વધુ દુઃખની વાત એ છે કે, નદી અને સમુદ્રમાં વિસર્જિત કરવામાં આવેલી પી.ઓ.પી.ની મૂર્તિઓ બીજા દિવસે ખંડિત હાલતમાં કાંઠા પર રઝળતી જોવા મળે છે. આ સ્થિતિ આપણી આસ્થા અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધાની ભાવનાને પણ ઠેસ પહોંચાડે છે.તેઓ જણાવે છે કે, પી.ઓ.પી.ની મૂર્તિને પાણીમાં ડુબાડવી એ ખરા અર્થમાં વિસર્જન નથી, પરંતુ માત્ર મૂર્તિને પાણીમાં ડુબાડવાનો દેખાડો છે. સાચું અને સાત્વિક વિસર્જન તો એ જ છે, જેમાં ભક્તો શ્રદ્ધાપૂર્વક પૂજા કર્યા બાદ શુદ્ધ માટીની મૂર્તિનું વિસર્જન કરે અને મૂર્તિ પાણીમાં ઓગળીને ફરીથી પ્રકૃતિમાં ભળી જાય. આનાથી પવિત્ર બીજી કોઈ પૂજા હોઈ શકે નહીં.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ 'મન કી બાત'માં સ્થાનિક કલાકારોને રોજગારી અને આજીવિકાની તકો મળે તે માટે 'વોકલ ફોર લોકલ'ને -ત્સાહન આપવા તેમજ પર્યાવરણ અને જળસ્રોતોના રક્ષણ માટે પી.ઓ.પી.નો બહિષ્કાર કરી માટીની ગણેશ મૂર્તિ સ્થાપિત કરવા દેશવાસીઓને અપીલ કરી હતી, તેમના આહવાન બાદ લોકોમાં માટીની મૂર્તિઓ અંગે જાગૃતિ વધી રહી છે.

ચૈતાલીબેનનું માનવું છે કે, આ હસ્તકલા ટકી રહે અને તેને વધુ પ્રોત્સાહન મળે તો હજારો મહિલાઓ આ ક્ષેત્ર સાથે જોડાઈને રોજગારી મેળવી શકે અને સાચા અર્થમાં આત્મનિર્ભર બની શકે. મહિલા સશક્તિકરણની જીવંત મિસાલ સમાન ચૈતાલીબેન દરેક શ્રીજી ભક્તને સંદેશ આપતાં કહે છે કે, ચાલો, આપણે સૌ સાથે મળીને પી.ઓ.પી.ની મૂર્તિઓને કાયમ માટે 'બાય-બાય' કહીએ અને શુદ્ધ પર્યાવરણ માટે માટીના શ્રીજી જ અપનાવીએ.

### સ્કૂલમાં પર્યાવરણના પાઠ ભણ્યા અને પોકેટ મનીમાંથી માટીના બાપ્પા ખરીદ્યા

કલાકાર ચૈતાલીબેન રાજપૂત જણાવે છે કે, શાળામાં બાળકોને પર્યાવરણ જાળવવા અને તેનું સંરક્ષણ કરવા અંગે શીખવવામાં આવે છે. આ શીખને જીવનમાં ઉતારીને કોસંબા ગામમાં રહેતા અને કુસુમ વિદ્યાલયમાં ભણતા બાળકોએ પોતાની પોકેટ મનીમાંથી શુદ્ધ માટીની ગણેશ મૂર્તિઓ હોંશેહોંશે ખરીદી કરવા આવ્યા હતા, બાળકોનો ઉત્સાહ જોઈને મેં પણ તેમને અડધા ભાવે મૂર્તિ આપી હતી. આ ઉપરાંત, સિનિયર સિટિઝનો માતે નદી કે સમુદ્રના કાંઠે ભીડમાં જઈને બાપ્પાનું વિસર્જન કરવું મુશ્કેલ હોય તેઓ પોતાના ઘરઆંગણે જ મૂર્તિનું વિસર્જન કરી શકે તે માટે માટીની મૂર્તિ ખરીદે છે.

**વડાપ્રધાનના 'વોકલ ફોર લોકલ'ના આહવાનને ભક્તોએ પણ વધાવ્યું, માટીની મૂર્તિ ખરીદી માટે જાગૃતિ વધી : હસ્તકલાને જીવંત રાખવા માટે અન્ય મહિલાઓને પણ તાલીમ આપી આત્મનિર્ભર બનાવવાની દિશામાં પ્રયાણ**

DGT
આપનું અખબાર : આપનો અવાજ

# પારડી તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

## પારડીના ગ્રામીણ વિસ્તારમાં વિદ્યાર્થીઓ માટે બસ સેવા શરુ કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** પારડી તાલુકાના ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મેળવવું હવે વધુ સરળ અને સુરક્ષિત બનશે. પારડીના કોલક, મોતીવાડા, કલસર, કીકરલા, પલસાણા અને ઉદવાડા જેવા આસપાસના ગામોમાંથી આવતા વિદ્યાર્થીઓની સુવિધા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સરકારની ભગવાન બિરસા મુંડા યોજના હેઠળ આ તમામ ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને શાળાએ આવવા-જવા માટે ખાસ નવી એસટી બસ ફાળવવામાં આવી છે. કોલક સાર્વજનિક વિદ્યાલય ખાતે આજરોજ આ એસટી બસ આવી પહોંચતા ઉત્સાહભેર તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને લીલી ઝંડી આપીને બસનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ ખાસ પ્રસંગે પારડી તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી બાબુભાઈ એફ. ટંડેલ, પ્રફુલભાઈ ટંડેલ, નગીનભાઈ ટંડેલ તેમજ શાળાના આચાર્ય ધર્મેશભાઈ પટેલ, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેળવણી મંડળના પ્રમુખ જીતેન્દ્રભાઈ ટંડેલના યોગ્ય માર્ગદર્શન અને સતત પ્રયાસોના પરિણામે આ એસટી બસની સુવિધા શક્ય બની છે. નવી બસ સેવા શરૂ થવાથી ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓને હવે દરરોજ સમયસર અને સુરક્ષિત રીતે શાળાએ પહોંચવામાં ખૂબ જ મોટી રાહત મળશે. આ પ્રસંગે તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ અને ટ્રસ્ટી બાબુભાઈ ટંડેલે આદિવાસી તેમજ ગ્રામીણ વિસ્તારના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે આવી ઉત્તમ સુવિધા આપવા બદલ ગુજરાત સરકાર અને એસટી નિગમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પારડી પોલીસ મથકના સબ ઈન્સ્પેક્ટરની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :**પારડી પોલીસ મથકમાં ત્રણ વર્ષથી નિષ્ઠાપૂર્વક કોઈપણ વિવાદ વગર ફરજ બજાવનાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી એલ વસાવાની વલસાડ જિલ્લાના ધરમપુર પોલીસ મથકમાં બદલી થતાં આજરોજ પારડી પોલીસ મથકે એમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો પારડી પોલીસ મથકમાં આજરોજ પારડી પીઆઇ વાય બી ગોહિલ પીએસઆઇ રાઠોડ પીએસઆઇ જે એચ શાહ પીએસઆઇ ડી એલ વસાવા સહિત પારડી પોલીસ સ્ટાફ ભેગા થયા હતા.છેલ્લા ત્રણ વર્ષથી પારડી પોલીસ મથકમાં નિષ્ઠા અને ઈમાનદારી પૂર્વક કોઈ પણ વિવાદ વિના ફરજ બજાવનાર પીએસઆઇ ડી એલ વસાવા ની ધરમપુર પોલીસ સ્ટેશનમાં બદલી થતાં એમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. પારડી પીઆઇ વાય બી ગોહિલ સહિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ એમણે કરેલી નિષ્ઠાપૂર્વક અને નિર્વિવાદ વગરની કામગીરીને બિરદાવી હતી.

અને દરેક કર્મચારીઓએ એમનો સન્માન કર્યો હતો અને પોલીસ સ્ટાફ દ્વારા એમને શુભકામનાઓ આપવામાં આવી હતી એમનો ભવ્ય સ્વાગત કરવામાં આવ્યો હતો અને પુષ્પોની વર્ષા કરી એમનો સન્માન કરવામાં આવ્યો હતો. ધરમપુર પોલીસ સ્ટેશનમાં એમની બદલી થઈ છે અને પીઆઇ તરીકે એમને બઢતી પણ મળનાર છે એમણે કરેલી પારડી પોલીસ મથકમાં ઉત્કર્ષ કામગીરી બદલ એમની ફરજ ને સરકારે પ્રોત્સાહિત કરી છે અનેક ગુનાઓમાં એવો એ ચોક્કસ તપાસ કરી ગુનાઓ ડિટેક્ટ કર્યા હતા.


## ઉમરસાડી માછીવાડમાં શ્રી માછી મહાજન પંચના હોદ્દેદારોની વરણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં પવિત્ર શ્રાવણમા સાંસ્કૃતિક હોલમાં શ્રી માછી મહાજન પંચના નવા હોદ્દેદારોની વરણી તથા વર્ષ ૨૦૨૫ ૨૬ ના વાર્ષિક હિસાબ માટેની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. સભાની શરૂઆત કરતાં પહેલા ગામમાં દેવલોક પામેલ વ્યક્તિઓ માટે બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ત્યાર બાદ ગામમાંથી હાલમાં નવા નિમાયેલ તાલુકા પંચાયતના સભ્ય હિતેશ સી. ટંડેલને શ્રી માછી મહાજન પંચ દ્વારા બુકે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. હિતેશભાઈ એ સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી માછી મહાજન પંચના ખજાનચીશ્રી દલપતભાઈ ડી. ટંડેલે સભા સમક્ષ વાર્ષિક હિસાબ અને અહેવાલ પ્રસ્તૃત કર્યો હતો. અહેવાલમાં કોઈપણ પ્રકારની ક્ષતિ ન જણાતા સર્વાનુમતે એને બહાલી આપવામાં આવી હતી. શ્રી માછી મહાજન પંચ ઉમરસાડી માછીવાડ ગામમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે નીચે મુજબ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે ક્રિષ્નાભાઈ વી. ટંડેલ ભરકલી સ્ટ્રીટ ઉપપ્રમુખ તરીકે પ્રવીણભાઈ ડી. ટંડેલ સ્કૂલ સ્ટ્રીટ સેક્રેટરી અશોકભાઈ એન. ટંડેલ ટી.વી. સ્ટ્રીટ જોઈન્ટ સેક્રેટરી જગદીશભાઈ એ. મિસ્ત્રી વાણિયા ફળિયા ખજાનચી દલપતભાઈ ડી. ટંડેલ ન્યૂ વિજય સ્ટ્રીટ જ્યારે મંદિર કમિટીના પ્રમુખ રામચંદ્રભાઈ એમ. ટંડેલ કસ્ટમ સ્ટ્રીટ અને ઉપપ્રમુખ હિતેશભાઈ સી. ટંડેલ. સ્કૂલ સ્ટ્રીટ આમ ઉપરોક્ત તમામ હોદ્દેદારોએ માછી મહાજન પંચની કમાન સંભાળી લીધી હતી. ચૂંટાયેલ તમામ હોદ્દેદારોએ મેમ્બર્સ ભાઈઓ અને સભામાં ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરી વર્ષ ૨૦૨૬ ૨૭ ના વર્ષ માટે તન, મન, ધનથી કર્તવ્ય કર્મનિષ્ઠ બની સમાજની સેવા કરીશ. પ્રમુખના પ્રસંગિક ઉદબોધન બાદ રાષ્ટ્રગાન સાથે સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

## સોનવાડા મંદિરમાં સમુહ ભજનનો કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** પારડી તાલુકાના સોનવાડા ગામમાં આવેલ ખોડલધામ માં દર વર્ષની જેમ શ્રી કૃષ્ણ મંદિર માં દર બે કલાક ની વારી પ્રમાણે ગામના ફળિયા દિઠ સમુહ ભજનો મુજબ તા. ૦૪/૦૯/૨૦૨૬ શુક્રવારે બપોરે ૧૨ વાગ્યેથી રાતના ૧૦ સુધી, ત્યારબાદ રાતના ૧૨ વાગ્યેના જન્મોત્સવ સુધી કોમન ભજનો બપોરે ૧૨ થી સુધી દેસાઈ ફળિયા સાથે ભગત ફળિયું. બપોરે ૨થી ૪ ઝરિયા ફળિયા સાથે બામણ ફળિયા. સાંજે ૪ થી ૬ ઉગમણા ફળિયું સાંજે ૬ થી ૮ વચલુ ફળિયું. સાંજે ૮ થી ૧૦ જરા ફળિયું. ત્યારબાદ શ્રી બાલમુકુંદના જન્મ સુધી દરેક ભક્તોના હર્ષઘેલા ભજનો રહ્યા હતા જન્માષ્ટમી નિમિત્તે ગામના દરેક ફળિયાના લોકોએ ભજનો ગાયા હતા પારડી તાલુકાના આ ગામમાં જન્માષ્ટમી પર્વ ઉજવણીની ખૂબ જ સુંદર પરંપરા છે માતા ખોડીયાર ની પૂજા ભક્તિ સાથે ભગવાન શ્રીકૃષ્ણની પૂજા ભક્તિ કરવામાં આવી હતી ખાસ કરીને બહેનો અને યુવતીઓએ ભજનની રમઝટ બોલાવી અનેરો ભક્તિમય વાતાવરણ ઊભો કર્યો હતો.

## સોંઢલવાડાની અશ્વમેઘ વિદ્યાલયમાં દહીહાંડી કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** પારડી અશ્વમેઘ વિદ્યાલયમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ઉજવણીના ભાગરૂપે ભવ્ય દહીંહાંડી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું શાળાના પ્રિ-પ્રાઈમરી વિભાગથી લઈને ધોરણ ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર દહીંહાંડી કાર્યક્રમમાં ભાગ લીધો હતો. નાનાં ભૂલકાંઓથી લઈને મોટા વિદ્યાર્થીઓ સુધી સૌએ શ્રીકૃષ્ણના બાળસ્વરૂપની ભાવના સાથે કાર્યક્રમમાં ઉમંગ અને આનંદપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ રંગબેરંગી વેશભૂષા ધારણ કરી શ્રીકૃષ્ણ અને રાધાના સ્વરૂપમાં સૌનું મન મોહી લીધું હતું. વિદ્યાર્થીઓ દ્વારા માનવ પિરામિડ બનાવી દહીંહાંડી ફોડવાનો રોમાંચક પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણ નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કીના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા, એકતા, ટીમવર્ક, શિસ્ત અને સહકારની ભાવના વિકસાવવાનો હતો. વિદ્યાર્થીઓએ એકબીજાને પ્રોત્સાહન આપતાં ટીમભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શાળાના આચાર્યતથા સમગ્ર શિક્ષકગણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના તમામ શિક્ષકો અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો આ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે આનંદ, ઉત્સાહ અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાણનો યાદગાર અનુભવ બની રહ્યો હતો.


## ઉદવાડામાં શિવ મહાપુરાણ કથામાં શિવ વિવાહ પ્રસંગ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** પવિત્ર શ્રાવણ માસ દરમિયાન પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન વિસ્તારમાં ચાલી રહેલી શિવ મહાપુરાણ કથા માં શિવ વિવાહ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા ઉદવાડાના ઘંટેશ્વર મહાદેવના મંદિર પાસે આવેલ સન સાઈન રેસિડેન્સીમાં ચાલી રહેલી શિવકથામાં શિવ પાર્વતીના વિવાહનું આયોજન કરવામાં આવ્યુ હતું કથાકાર પૂ ભરતભાઈ વ્યાસજીના મુખરવિંદે ચાલી રહેલ આ કથામાં ઉપસ્થિત સૌ ભક્તોએ મોટી સંખ્યામાં કથાશ્રવના નો લાભ લીધો હતો. કથા સમાપનનો અંતિમ દિન હોઈ આયોજક દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ખૂબ ઓછા સમયમાં આયોજન કરી એ બદલ આયોજકમિત્રોને અભિનદન આપવામાં આવ્યા હતા સમગ્ર ઉદવાડા રેલવે સ્ટેશન ભક્તિમય બન્યો હતો. પવિત્ર શ્રાવણ માસમાં કથાનો આનંદ ભક્તોએ માંડ્યો હતો અને ભગવાન ભોળાનાથ તથા માતા પાર્વતીના જય જયકાર કર્યા હતા.

## પોણીયા સરસ્વતી વિદ્યામંદિરમાં જન્માષ્ટમી પર્વ ઉજવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** પારડી માં આવેલ વિદ્યા ભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન પોણીયા ખાતે આવેલ શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રીકૃષ્ણ જન્મથી લઈને નંદ ઉત્સવ સુધીની ઉજવણીથી સમગ્ર વિદ્યાલય પરિસર ભક્તિમય અને આનંદમય બની ગયું હતું નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કીના જયઘોષથી સમગ્ર વિદ્યાલય ગુંજી ઉઠ્યું હતું જન્માષ્ટમીના પર્વ નિમિત્તે શિશુ વાટિકાથી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ મટકી ફોડ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના ઉમંગ અને ઉત્સાહથી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું. કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં વાલી મિત્રો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ પ્રસંગે વિદ્યાલયના ટ્રસ્ટી પરિમલભાઈ પંડ્યા તથા અતિથિ વિશેષ તરુણાબેન પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રધાન આચાર્ય કિશોરભાઈ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ ધોરણ ૮ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ આયોજનથી લઈને કાર્યક્રમના સંચાલન સુધી ઉત્સાહપૂર્વક જવાબદારી નિભાવી હતી આમ, ભક્તિ, સંસ્કાર, આનંદ અને ઉત્સાહના સુંદર સંગમ સાથે શ્રી સરસ્વતી વિદ્યામંદિરનો જન્માષ્ટમી મહોત્સવ હર્ષોલ્લાસભેર સંપન્ન થયો હતો.

## ખેરલાવની રકતદાન શિબિરમાં ૧૬૯ યુનિટ રકત એકત્ર કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** સમાજસેવા સાથે જોડીને છેલ્લા આઠ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવાની પરંપરા ખેરલાવના સરપંચ તથા ભારતીય જનતા યુવા મોરચા, વલસાડ જિલ્લાના મહામંત્રી મયંક પટેલ દ્વારા જાળવી રાખવામાં આવી છે. આ પરંપરાના ભાગરૂપે ખેરલાવ ખાતે આ વર્ષે પણ વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ તથા કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજકીય-સામાજિક આગેવાનો, વિવિધ ગામોના સરપંચો, યુવાનો તથા ગ્રામજનો જોડાયા હતા. આ પ્રસંગે યોજાયેલી રક્તદાન શિબિરમાં ૧૬૯થી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા માટે સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી કાપડની થેલી પણ રક્તદાતાઓને ભેટ આપવામાં આવી હતી. તીર્થ ઈલેક્ટ્રિકલના મિત્રો દ્વારા રક્તદાન કરનાર મિત્રોને સોલાર રૂફટોપ માટે ભેટ આપવામાં આવી હતી. આ પહેલ દ્વારા રક્તદાન સાથે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છ ઊર્જાના ઉપયોગ અંગે પણ જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો ૨૮૪ લોકોએ નેત્ર ચકાસણીનો લાભ લીધો હતો.

અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ, આર.એન.સી. શ્રી આઈ હોસ્પિટલ, વલસાડ તથા ગ્રામ પંચાયત ખેરલાવના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક નેત્ર ચકાસણી કેમ્પ યોજાયો હતો. જેમાં ૨૮૪ લોકોએ નેત્ર ચકાસણીનો લાભ લીધો હતો. જરૂરિયાતમંદ દર્દીઓને આગળની સારવાર અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ ઉપરાંત ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક IPPB તથા ભારતીય ટપાલ વિભાગના સહયોગથી વીમા જાગૃતિ કેમ્પ યોજાયો હતો.

આ પ્રસંગે ભાજપ પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરી પટેલ, જિલ્લા પંચાયત સભ્ય અદિતિ અંકિત પટેલ, ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ નંદની ગઢવી, કોષાધ્યક્ષ ધ્રુવિન પટેલ, જિલ્લા યુવા મોરચા પ્રમુખ પ્રભાકર યાદવ, મહામંત્રી કેવિન પટેલ, જિલ્લા પ્રભારી અતુલ મોઠા, જિલ્લા ભાજપ મહામંત્રી વિપુલ ભોયા, જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ સ્નેહીલ દેસાઈ, પૂર્વ મહામંત્રી શિલ્પેશ દેસાઈ ગણેશ બિરારી, પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, ડો. હેમંત પટેલ, ડો. આશા ગોહિલ, મહેશભાઈ દેસાઈ યુવા મોરચા ખેલો ભારત પ્રદેશ સહ સંયોજક હર્ષિત દેસાઈ સહિત વિવિધ ગામોના સરપંચો તથા રાજકીય-સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## દમણીઝાંપા ખાતે ભગવાન જગન્નાથ મંદિરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** પારડીમાં દમણીઝાંપા ખાતે આવેલા ગજાનન કોમ્પલેક્ષના ભગવાન જગન્નાથ મંદિરમાં દર વર્ષે સ્વ ગજાનનભાઈ પટેલ પરિવાર દ્વારા શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ભક્તિભાવ અને હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમી નિમિત્તે મંદિર પરિસરમાં લોક ડાયરા સાથે વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભગવાન જગન્નાથજીની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ભગવાનને પંચામૃત અભિષેક કરાવી ધર્મિક વિધિ-વિધાન સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ



વચ્ચે લોકભજન ડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા હતા આ પ્રસંગે કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજકીય, સામાજિક ક્ષેત્રના આગેવાનો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા ભક્તોએ ભગવાન જગન્નાથજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી મટકી ફોડ કાર્યક્રમનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું ગોવિંદા ટોળકીએ ઉત્સાહભેર મટકી ફોડી જન્માષ્ટમીની ઉજવણીમાં ઉમંગનો માહોલ સર્જ્યો હતો. મટકી ફોડ કાર્યક્રમ નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા સમગ્ર મંદિર પરિસર ભગવાન શ્રીકૃષ્ણના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

ધાર્મિક વિધિઓ, ભજન-કીર્તન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના સંગમ સાથે પારડીના જગન્નાથ મંદિરે જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હેમંતભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, અનિતાબેન પટેલ, બોની પટેલ, ચાર્લીશ ભંડારી સહીત મોટી સંખ્યા માં ભાવીભક્તો હાજર રહ્યા હતા.

## પારડીની જે.પી. પારડીવાલા કોલેજમાં શિક્ષક દિન ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** જે. પી. પારડીરવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના ચર્ચા સમિતિના ઉપક્રમે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે 'શિક્ષક દિન'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના આચાર્યશ્રી, ચર્ચા સમિતિના અધ્યક્ષ અને અન્ય પ્રાધ્યાપકોની પ્રેરક ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ ઉજવણી અંતર્ગત કૉલેજના કુલ ૨૦ વિદ્યાર્થીઓએ અત્યંત ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તમામ ઉત્સાહી વિદ્યાર્થીઓએ એક દિવસ માટે કૉલેજના અધ્યાપકો અને વહીવટી સ્ટાફની ભૂમિકા ભજવી હતી. તેઓએ કૉલેજના જુદા જુદા



વર્ગોમાં જઈને ખૂબ જ સુંદર અને રસપ્રદ શૈલીમાં શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું શૈક્ષણિક કાર્ય પૂર્ણ થયા બાદ, કૉલેજના સભાખંડમાં એક વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા કે, એક શિક્ષક તરીકે વર્ગખંડ સંભાળવો અને જ્ઞાન આપવું એ કેટલી જવાબદારીપૂર્વકનું અને ગૌરવવંતું કાર્ય છે. કાર્યક્રમ દરમિયાન કોલેજના તમામ અધ્યાપકોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને આજે બનેલા નવા શિક્ષકોનો સ્મૃતિભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ.ફાલ્ગુનીબેન દેસાઈ દ્વારા તમામ નવા શિક્ષકોને પ્રેરણાદાયી પ્રવચન દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા ચર્ચા સભાના અધ્યક્ષ ડૉ. મણીબેન સોલંકીએ શિક્ષકદિનનું મહત્વ સમજાવી કાર્યક્રમનેનું સમગ્ર સંચાલન હાથ ધર્યું હતું. શિક્ષક દિન માટેનું સમગ્ર ટાઈમ-ટેબલ પ્રા. જિતેન્દ્રકુમાર ટંડેલ સરે બનાવ્યું હતું કાર્યક્રમના અંતે ચર્ચા સમિતિના ઉપાધ્યક્ષ ડૉ. તરુલતા માહ્યાવંશી એ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.અંતે રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ડુંગરીમાં ભજન કિર્તન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :**પારડી તાલુકાના ડુંગરી ગામે માજી સરપંચ સતિષ પટેલના નિવાસ્થાને શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મઉત્સવ ઉજવણી કરવામાં આવી હતી જેમાં અલગ અલગ ગામથી ભજન મંડળની વિવિધ ટુકડીઓ બનાવી ભજન કીર્તન નો ધાર્મિક પોગ્રામ સાથે અહીં મહા-સાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું દર વર્ષે માજી સરપંચ સતિષ પટેલના નિવાસ્થાને ભગવાન કૃષ્ણના ઉત્સવમાં એકતા જળવાય ભેદભાવ ભુલાય સાથે મળી ભગવાનનો જન્મોત્સવ ઉજવવામાં આવે છે ડુંગરીના માજી સરપંચ સતિષ પટેલે પણ ભજન કીર્તનની રમઝટ માણી હતી આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

# અન્ય સમાચારો

Wednesday 09, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 09, September 2026

## ઈઓએસ-૦૫ અંતરિક્ષમાં ભારતની અનોખી આંખ

અંતરિક્ષમાં ઉપગ્રહોના પ્રક્ષેપણની ક્ષમતાથી આખી દુનિયામાં પોતાનો દબદબો ઊભો કરનાર ભારતે હવે આ સફળતાના વ્યાપને વધરવા માટે કમર કસી છે. ભારતીય અંતરિક્ષ સંસોધન કેન્દ્ર (ઈસરો)ને મળેલી નવી સિદ્ધિ બતાવે છે કે, આપણે અંતરિક્ષમાંથી પૃથ્વીને જોવાના, સમજવાના અને તેના આધારે ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતાને વધુને વધુ મજબૂત કરી છે. આ સંદર્ભમાં પૃથ્વી પર બારીકાઈથી અવલોકન કરવાની ક્ષમતા ધરાવતા ઈઓએસ-૦૫ ઉપગ્રહનું સફળ પ્રક્ષેપણ એક ચાવીરૂપ સિમાચિહ્ન સમાન છે. આ મહત્ત્વના ઈઓએસ-૦૫ ઉપગ્રહની ક્ષમતાની સાથોસાથ તેની ભ્રમણકક્ષા પણ ભારે મહત્ત્વ ધરાવે છે. ઈસરોએ ધરતીથી લગભગ ૩૬ હજાર કિલોમીટરની ઊંચાઈ પરની એવી ભ્રંમણકક્ષા પર આ ઉપગ્રહને તૈનાત કર્યો છે જેનાથી ભારતને એક અલગ પ્રકારની અવલોકન અને દ્રષ્ટિની નવી તાકાત મળશે. ઉલ્લેખનીય છે કે, પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં ઉપગ્રહોની ઉપયોગિતા ખાસ હોય છે, પણ જીયોસિક્રોનસ એટલે કે ભૂતુલ્યકાલિક ભ્રમણકક્ષમાં રહેલો ઉપગ્રહ સતત એક મોટા ભૂભાગ પર નજર રાખી શકે છે. આ જ કારણ છે કે નવા ઉપગ્રહના મિશનમાં કૃષિ, હવામાન, આપદા વ્યવસ્થાપન અને રાષ્ટ્રીય સ્તરની બાબતોને આવરી લઈ શકાશે. મહત્ત્વની બાબત એ છે કે, ઈઓએસ-૦૫ ઉપગ્રહ રિયલ ટાઈમથી સાવ નજીક તસ્વીરો પૂરી પાડી શકશે જેનાથી તેની ઉપયોગિતા વધી જશે. ખાસ તો હાલના સમયમાં જ્યારે કુદરતી આફતો અચાનક આવી જતી હોય છે. પૂર, ભૂસ્ખલન, ચક્રવાત, જંગલની આગ કે વાવાઝોડાં જેવી કુદરતી આફતો અચાનક આવી પડે છે અને મોટા વિસ્તારોને અસર કરે છે. આવામાં આ ઉપગ્રહથી મળતી તસવીરો આગોતરી ચેતવણી આપી જશે. વળી આફત બાદની તસવીરોથી નુકસાનના આકલનમાં પણ ઉપગ્રહની માહિતી અને તસવીરો ભારે મદદરૂપ થઈ શકશે. તેના આધારે રાહત અને પુનઃનિર્માણના કામને સચોટ રીતે હાથ ધરી શકાશે. આ ઉપરાંત જે રીતે આ ૨,૩૬૭ કિલો વજનના ભારે ઉપગ્રહને તેની નિયત ભ્રમણકક્ષા સુધી પહોંચાડીને ઈસરોએ પ્રક્ષેપણની પોતાની વધુ એક તાકાતનો પરચો દુનિયાને કરાવી આપ્યો છે. આ સફળતાએ ઈસરોનો દબદબો વધ્યો છે. આ ઉપગ્રહ જાસૂસી માટે હોવાની દુનિયાના દેશોમાં ઊભી થયેલી છાપને ભારતે તેના નાગરિક ઉપયોગો જાહેર કરીને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. જો કે, આ આધુનિક ઉપગ્રહની સફળતાએ ધરતી પરની ભારતીય માળખાંની જવાબદારીમાં પણ વધારો કર્યો છે. ઉપગ્રહમાંથી સચોટ તસવીરો અને માહિતી તો આપણને મળશે પણ તેના પૃથક્કરણ માટે સંબંધિત વિભાગો પાસે પૂરતી ક્ષમતા વિકસિત કરવાની અને તેમની વચ્ચે સંકલનની વ્યવસ્થા ઉભી કરવાની હવે તાતી જરૂરત રહેશે. ઈઓએસ -૦૫ ઉપગ્રહના નવ વર્ષના કાર્યકાળ દરમ્યાન તેના વ્યાપક ઉપયોગોથી તેની સાર્થકતા સાબિત કરશે. ખરેખર તો આ અંતરિક્ષની આ અનોખી આંખ કરોડો ભારતીયોના જીવનને વધુ સલામત અને સારું બનાવવામાં મદદરૂપ થાય એવી અપેક્ષા રખાઈ રહી છે.

# નવસારીમાં દેશના પ્રથમ AI આધારિત 'નમો કમલમ'નું લોકાર્પણ

## જનસામાન્યની શક્તિથી આવતું પરિવર્તન જ સ્થાયી : મોદી













(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૦૮ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મંગળવારે નવસારી હાઇવે પર ગ્રીડ નજીક દેશના પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત અત્યાધુનિક 'નમો કમલમ' ભાજપ કાર્યાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યાલયના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. જેમાં મુખ્ય કાર્યાલય, મીડિયા વિભાગ, કોલ સેન્ટર, લાઈબ્રેરી, સાંસદ-ધારાસભ્ય કેબિન તેમજ પંડિત દિનદયાળ મીટિંગ હોલ, શ્યામા-સાદ મુખર્જી હોલ અને અટલ સભાખંડનો સમાવેશ થાય છે.વિશાળ જાહેરસભાને સંબોધતા વડા-ધાન મોદીએ જણાવ્યું હતું કે, ભાજપના કાર્યકર્તાઓએ દાયકાઓથી પ્રેમ અને સમર્પણ સાથે જનસેવાનો માર્ગ અપનાવ્યો છે, જેના પરિણામે નવસારી જિલ્લો વિકાસની દોડમાં અગ્રેસર રહ્યો છે.

'નમો કમલમ' માત્ર એક ઈમારત નહીં, પરંતુ સામાન્ય માનવીની સમસ્યાઓના સમાધાન અને સેવાનું જીવંત તીર્થસ્થાન બનશે. 'સત્તાનો મોહ નહીં, પરંતુ સેવાનો ભેખ' એ સરકારનો મંત્ર હોવાનું જણાવી તેમણે સમાજને સર્વોપરી રાખવા અને જનતા જનાર્દનને ઈશ્વરના સ્વરૂપ તરીકે માની જનસેવાને જીવનનો સહજ સંસ્કાર બનાવવા કાર્યકર્તાઓને અનુરોધ કર્યો હતો. નવસારીમાં થયેલા સ્વચ્છતા અભિયાનને બિરદાવતાં તેમણે કહ્યું કે, જનસામાન્યની શક્તિથી આવતું પરિવર્તન સ્થાયી અને દીર્ઘજીવી હોય છે અને નાગરિકોમાં નવો વિશ્વાસ પેદા કરે છે.

વડાપ્રધાને નવસારી જિલ્લાના કુપોષણ મુક્ત અભિયાન, ટીબી મુક્ત ગુજરાતના સંકલ્પ અને જનસેવાના વિવિધ કાર્યોની પ્રશંસા કરી હતી. તેમણે પીએમ સ્વનિધિ યોજનાનો લાભ વધુમાં વધુ જરૂરિયાતમંદ લારી-ગલ્લા ધારકો સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને અપીલ કરી હતી. સાથે જ આગામી ગણેશોત્સવ, નવરાત્રિ અને દિવાળીના તહેવારો દરમિયાન સ્વચ્છતા જાળવી નવસારીને દેશભરમાં રોલ મોડેલ બનાવવા આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાત સરકાર વિકાસની રાજનીતિ અને પોલિટિકલ પરફોર્મન્સને મહત્વ આપી રહી છે. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વનો લાભ છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતને મળ્યો છે અને 'નાગરિક દેવો ભવ'નો મંત્ર કાર્યકર્તાઓના જીવનનો મંત્ર બન્યો છે.

સ્વાગત ઉદબોધનમાં કેન્દ્રીય મંત્રી અને નવસારી સાંસદ સી.આર. પાટીલે જણાવ્યું કે, વડાપ્રધાનના આગમન પૂર્વે 'સ્વચ્છતાથી સ્વાગત' પહેલ હેઠળ જનભાગીદારીથી ૫૦ જેટલા જેસીબી, ૧૦૦ જેટલી ટ્રકો અને ગામોના ટ્રેક્ટરો દ્વારા છ દિવસ સુધી નવસારી મહાનગરપાલિકા, ગણદેવી અને વિજલપોર નગરપાલિકા સહિત આશરે ૪૦૦ ગામોમાં સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

જિલ્લામાં ૩૬૦૦ જેટલા કુપોષિત બાળકો માટે શરૂ કરાયેલી દત્તક યોજનામાં ૪૬૦ બાળકો કુપોષણમાંથી મુક્ત થયા છે. ૭૮૧ ટીબી દર્દીઓને પોષક આહાર કિટ આપવામાં આવી રહી છે, જ્યારે ૧૩ હજાર જેટલી વંચિત દીકરીઓના બેંક ખાતાં ખોલાવી સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ પ્રથમ રૂ.૨૫૦ જમા કરાયા છે. ૫૫૦૦થી વધુ વડીલો અને ૧૫૦૦ જેટલા દિવ્યાંગોને સરકારી યોજનાઓનો લાભ પહોંચાડાયો છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ 'રાષ્ટ્ર પ્રથમ'ના સિદ્ધાંત સાથે દેશના વિકાસમાં ભાજપ સરકારની કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. કાર્યક્રમમાં નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ ધવલ પટેલ,ધારાસભ્ય રાકેશ દેસાઈ,માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ,જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલી નાયક, નવસારી મહાનગરપાલિકા મેયર અશોક ધોરાજીયા,જિલ્લા અધ્યક્ષ ભુરાલાલ શાહ સહિત જિલ્લા સંગઠનના હોદ્દેદારો, અગ્રણીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, તબીબો, વકીલો, પ્રોફેસરો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### અત્યાધુનિક 'નમો કમલમ'ની ઝલક

નવસારી હાઈવે પર ગ્રીડ નજીક માત્ર પોણા બે વર્ષના વિક્રમી સમયમાં તૈયાર થયેલું આ કોર્પોરેટ શૈલીનું કાર્યાલય માત્ર રાજકીય ગતિવિધિઓનું કેન્દ્ર નહીં, પરંતુ આધુનિક ટેકનોલોજી અને ગ્રીન એનર્જીનું એક આદર્શ મોડલ સાબિત થશે. નવસારી જિલ્લા ભાજપનું આ નમો કમલમ સોલર પેનલ અને વોટર હાર્વેસ્ટિંગ જેવી સુવિધાઓથી સજ્જ છે.

- ૧૦ કરોડના ખર્ચે નિર્મિત કાર્યાલય ૪૦ હજાર સ્ક્વેર ફૂટ વિશાળ વિસ્તારમાં ફેલાયેલું છે
- ડિજિટલ કામગીરી ઝડપી બને તે માટે AI આધારિત સિસ્ટમ, હાઈ-સ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી
- સેંકડો કાર્યકરો એકસાથે બેસી શકે તેવું વિશાળ ઓડિટૉરિયમ
- મહત્વની બેઠકો માટે આધુનિક કોન્ફરન્સ રૂમ
- પક્ષના પદાધિકારીઓ, અધિકારીઓ અને પ્રવાસી નેતાઓ માટે અલાયદી કેબિનો
- ૧૦૦૦ પુસ્તકો સાથેની અદ્યતન લાઈબ્રેરી, ૧૪ લાખ ઈ-બુક્સ સાથેની ઈ-લાઈબ્રેરી
- સાંસદ અને ધારાસભ્યોની કેબિન, મીડિયા કેબિન, કોલ સેન્ટર

## નવસારીમાં વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બપોર બાદ નવસારી હેલિપેડ ખાતે આવી પહોંચ્યા હતા. તેમના આગમન વેળાએ અંદાજે ૧૧૦૦ જેટલી બહેનોએ પરંપરાગત વેશભૂષામાં કળશ સાથે ઉપસ્થિત રહી ભવ્ય સ્વાગત કર્યું હતું.

આ ઉપરાંત, ૫૦૦ યુવકોએ ડમરુ વગાડીને અને નમો કમલમના પરિસરમાં ૩૦ બહેનોએ ઢોલ-ત્રાંસાના નાદ સાથે પરંપરાગત રીતે વડાપ્રધાનનું અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમનું જિલ્લાના ૩૮૯ થી વધુ ગામોમાં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેના માધ્યમથી એક લાખથી વધુ ગ્રામજનોએ ઘેરબેઠા સમગ્ર કાર્યક્રમને નિહાળ્યો હતો.



## દિલ્હી, યુપી-બિહાર સહિતના રાજ્યોમાં ભારે વરસાદનું IMDનું એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮ : IMD દ્વારા દેશભરમાં ભારે વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ અપાયું છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ તેમજ પહાડી રાજ્યોમાં અતિ ભારે વરસાદની આગાહી છે. દિલ્હી અને યુપીમાં ૫૦-૭૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાશે. બિહારમાં ગંગા નદી ભયજનક સપાટી વટાવી રહી છે. જોકે, ગુજરાતમાં વરસાદની ઘટ છે, જેમાં દેવભૂમિ દ્વારકામાં ૮૮% અને પોરબંદરમાં ૭૩% વરસાદ ઓછો નોંધાયો છે.

**પૂર્વ યુપીમાં સવારથી જ વરસાદનો દોર શરૂ થઈ ગયો છે, જ્યાં કેટલાક વિસ્તારોમાં પવનની ઝડપ ૭૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે**

દેશભરમાં હવામાનની પેટર્નમાં ઝડપી ફેરફારો જોવા મળી રહ્યા છે. પહાડી વિસ્તારોની જેમ મેદાની વિસ્તારોમાં પણ વાતાવરણ પલટાયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને પહાડી રાજ્યો માટે અતિ ભારે વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ જાહેર કર્યું છે. પૂર્વ યુપીમાં સવારથી જ વરસાદનો દોર શરૂ થઈ ગયો છે, જ્યાં કેટલાક વિસ્તારોમાં પવનની ઝડપ ૭૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે.

ઉત્તર પ્રદેશઃ પૂર્વ યુપીના ગોંડા, બલરામપુર, બહરાઇચ, લખીમપુર ખીરી અને મહારાજગંજમાં ભારે વરસાદ નોંધાયો છે. અગાઉ બરેલીમાં સૌથી વધુ ૧૪૧.૩ મીમી, બિજનોરમાં ૧૩૪ મીમી અને મુરાદાબાદમાં ૧૧૪ મીમી વરસાદ નોંધાયો હતો.

નદીઓમાં ઉભરોઃ ગંગા નદી પટનામાં પોતાના સર્વોચ્ચ જળસ્તરને વટાવી ગઈ છે, અને રાજ્યની અન્ય મુખ્ય નદીઓ પણ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.

આગામી ૨૪ કલાકઃ પટના હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન મોટાભાગના જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ અને હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશની સ્થિતિ

પહાડી રાજ્યોમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને વાહનવ્યવહાર ખોરવાવાનો ભય છે.

ઉત્તરાખંડઃ રાજ્યમાં ૧૦ થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન વીજળીના કડાકા-ભડાકા અને ભારે વાવાઝોડા સાથે વરસાદનું અનુમાન છે.

હિમાચલ પ્રદેશઃ હિમાચલમાં પણ અનેક વિસ્તારોમાં અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે

## મુંબઈમાં મોદીના કાર્યક્રમ પહેલા બે શંકાસ્પદની અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૮ : મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ સ્થિત નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાંથી બે શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે. એક શંકાસ્પદ વ્યક્તિએ પોતાને વડાપ્રધાન કાર્યાલય (PMO)નો અધિકારી ગણાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, તપાસ દરમિયાન તેની પાસેથી PMO કાર્યાલયનું નકલી ઓળખપત્ર પણ મળી આવ્યું હતું. જ્યારે સુરક્ષા તપાસ કરવામાં આવી ત્યારે ઓળખપત્ર નકલી હોવાનું માલૂમ પડ્યું હતું. માહિતી અનુસાર, બીજા શંકાસ્પદ વ્યક્તિ પાસે બંદૂક પણ હતી.



આ મામલે ક્રાઈમ બ્રાંચ આગળની તપાસ કરી રહી છે. આ લોકો નકલી ઓળખપત્ર અને હથિયાર સાથે કેમ આવ્યા હતા તે હેતુ અંગે તપાસ કરવામાં આવી રહી છે. ટૂંકસમયમાં બંનેને મુંબઈની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

મુંબઈ પોલીસે જણાવ્યું કે મુંબઈના નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાંથી બે લોકોની અટકાયત કરવામાં આવી છે. અહીં વડાપ્રધાન મોદીનો એક કાર્યક્રમ પણ પ્રસ્તાવિત છે. પોલીસના જણાવ્યા અનુસાર, અટકાયત કરવામાં આવેલા વ્યક્તિની ઓળખ ૨૪ વર્ષીય રોહન પારેખ તરીકે થઈ છે. તેણે પોતાને વડાપ્રધાન કાર્યાલય (PMO)નો અધિકારી ગણાવ્યો હતો. તેની સાથે એક બોડીગાર્ડ પણ હતો, જેની પાસે બંદૂક હતી. આ મામલે ક્રાઈમ બ્રાંચ આગળની તપાસ કરી રહી છે.

મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલ વ્યક્તિ ગઈકાલે નકલી ઓળખપત્ર લઈને વેન્યુની અંદર જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, આ દરમિયાન મુંબઈ પોલીસે ચેકિંગ કર્યું હતું અને તપાસમાં તેનું ઓળખપત્ર નકલી મળ્યું હતું. BKC પોલીસ સ્ટેશનમાં બંને શંકાસ્પદો વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાંચ આગળની તપાસ કરી રહી છે.

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC)ના જિયો વર્લ્ડ સેન્ટર ખાતે ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૬નો પ્રારંભ કરાવવાના છે. તેઓ અહીં કાર્યક્રમને પણ સંબોધિત કરશે.

## ભારતમાં બ્રિક્સ સમિટમાં પુતિન હાજરી આપશે



(જી.એન.એસ) તા. ૮
નવી દિલ્હી, ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે ભારતીય પત્રકારો સાથે વર્ચ્યુઅલ વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારતમાં ૧૮મા બ્રિક્સ સમિટમાં ભાગ લેશે, જે ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનાર છે. પ્રવક્તાએ કહ્યું કે આ મુલાકાત બંને દેશો માટે દ્વિપક્ષીય સંબંધોના મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક છે. તેમણે સમિટનું આયોજન કરવામાં ભારતને સફળતા મળે તેવી શુભેચ્છા પણ પાઠવી.

પુતિન શુક્રવારે પીએમ મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે

પ્રવક્તાએ વધુમાં કહ્યું કે પુતિન શુક્રવારે (૧૧ સપ્ટેમ્બર) વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરશે.

મોસ્કોથી વર્ચ્યુઅલ બ્રીફિંગ દ્વારા પત્રકારો સાથે વાત કરતા પેસ્કોવે કહ્યું, "થોડા દિવસોમાં, રાષ્ટ્રપતિ પુતિન તેમની ભારત મુલાકાત શરૂ કરશે. તમે જાણો છો કે અમારા બંને નેતાઓ, ભારતીય અને રશિયન નેતાઓ, ખૂબ જ નજીકના વ્યક્તિગત સંપર્કમાં છે. તેઓ તેમના સંબંધોમાં ખૂબ જ વ્યવહારિક છે, અને તેઓ અમારા કાર્યસૂચિ અને અમારા દ્વિપક્ષીય સંબંધોના સૌથી સંવેદનશીલ મુદ્દાઓ પર ખૂબ જ ખુલ્લા અને રચનાત્મક રીતે ચર્ચા કરવા સક્ષમ હોવાના કારણે નિષ્ઠાવાન છે. અલબત્ત, તે અમારા સહયોગ માટે વધારાની ક્ષિતિજો ખોલે છે."

"અમને કોઈ શંકા નથી કે આ સમિટ સફળ થશે. રશિયા, અમે અમારી વાતચીતના ત્રણ મુખ્ય સ્તંભોમાં બ્રિક્સ સહયોગના વધુ વિકાસમાં યોગદાન આપવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ. તેથી, તે નીતિ અને સુરક્ષા છે. અર્થતંત્ર અને નાણાં, અને સાંસ્કૃતિક અને માનવતાવાદી સંદર્ભો. તેથી, અમે બ્રિક્સમાં નવા દેશોને વિવિધ ફોર્મેટમાં જોડાવા માટે આમંત્રિત કરવાના વિચારને સમર્થન આપી રહ્યા છીએ," તેમણે ઉમેર્યું.સ મોદી છેલ્લે ઓગસ્ટમાં જીર્ઝ સમિટ દરમિયાન પુતિનને મળ્યા હતા૩૧ ઓગસ્ટના રોજ, સ મોદી અને રશિયન રાષ્ટ્રપતિ પુતિને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (જીર્ઝ) સમિટ દરમિયાન કિર્ગિસ્તાનના બિશ્કેકમાં વાતચીત કરી હતી. રશિયન રાજ્ય સંચાલિત સમાચાર એજન્સી છજીજી અનુસાર, બંને નેતાઓ બિશ્કેક અલા આર્ચા સ્ટેટ રેસિડેન્સ ખાતે અક્સાકલ મીટિંગ રૂમમાં મળ્યા હતા.

પુતિન સાથે મંત્રીઓ સહિત વરિષ્ઠ રશિયન અધિકારીઓનું પ્રતિનિધિમંડળ પણ હતું. ચર્ચામાં પ્રવેશતા પહેલા પીએમ મોદી અને પુતિને આલિંગન આપ્યું ત્યારે બેઠક ગરમાગરમ શરૂ થઈ.

## અમદાવાદના પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે સિદ્ધાર્થ બોડકે જોડાયા

(દમણગંગા ટાઈમ્સ)
વાપી, તા. ૦૮ : શ્રી સિદ્ધાર્થ બોડકે, ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસ (IIS), ૨૦૦૮ બેચ, આજે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB), અમદાવાદના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) તરીકે જોડાયા છે. બોડકે ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસમાં તેમની કારકિર્દી દરમિયાન જાહેર સંચાર અને મીડિયા સંબંધિત કામગીરીમાં વ્યાપક અનુભવ ધરાવે છે. PIB અમદાવાદમાં જોડાતા પહેલા, તેમણે દૂરદર્શન કેન્દ્ર (DDK), મુંબઈ, PIB, દિલ્હી અને DD ન્યૂઝ, દિલ્હી ખાતે સેવા આપી હતી જ્યાં તેઓ બ્રોડકાસ્ટિંગ, મીડિયા મેનેજમેન્ટ અને જાહેર સંચારના



વિવિધ પાસાઓ સાથે સંકળાયેલા હતા.

અપર મહાનિદેશક, પીઆઈબી અમદાવાદ તરીકેનો પદભાર સંભાળતા, બોડકેએ સરકારની નીતિઓ, કાર્યક્રમો અને પહેલો વિશે સમયસર, સચોટ અને વિશ્વસનીય માહિતીનું પ્રસારણ સુનિશ્ચિત કરવા માટે સરકાર, મીડિયા અને લોકો વચ્ચેના સંચારને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મુક્યો હતો.

તેમણે વ્યાવસાયિકતા અને જાહેર સેવાના સર્વોચ્ચ ધોરણો જાળવી રાખીને, ઉભરતા સંચાર પ્લેટફોર્મ્સનો લાભ લેવાની અને સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

PIB અમદાવાદની ટીમે બોડકેનું સ્વાગત કર્યું હતું અને ગુજરાત અને નજીકના વિસ્તારમાં બ્યુરોની મીડિયા પહોંચ અને સંચાર પ્રયાસોને વધુ વધારવા માટે તેમના નેતૃત્વ હેઠળ કામ કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.




## મનિકા પ્લાસ્ટેક લિમિટેડનો આઈપીઓ શુક્રવાર ખુલશે

અમદાવાદ, તા. ૦૮ : મનિકા પ્લાસ્ટેક તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખોલશે.ઓફર માટે ઈક્વિટી શેર દીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૪૦થી રૂ. ૪૩ નક્કી કરવામાં આવ્યો છે. ઓછામાં ઓછા ૩૪૮ ઈક્વિટી શેર માટે બિડ કરી શકાશે અને ત્યારબાદ ૩૪૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ ગુરુવાર, ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ રહેશે. બિડ/ઓફર શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલશે અને બુધવાર, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે.

આ ઓફરમાં કુલ રૂ. ૯૨.૫ કરોડ સુધીનો ફ્રેશ ઈશ્યૂ અને કુલ ૭૬,૭૪,૪૧૮ ઈક્વિટી શેર સુધીની ઓફર ફોર સેલ સામેલ છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૨ છે.

આ રેડ હેરિંગ -ેસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.

ઓફરના હેતુ માટે બીએસઈને નિયુક્ત સ્ટોક એક્સચેન્જ તરીકે નક્કી કરવામાં આવ્યું છે.

જો મ્યુચ્યુઅલ ફંડ તરફથી કુલ માંગ ક્યુઆઈબી હિસ્સાના ૫ ટકા કરતાં ઓછી રહેશે, તો મ્યુચ્યુઅલ ફંડ હિસ્સામાં ફાળવણી માટે ઉપલબ્ધ રહેલા બાકીના ઈક્વિટી શેર્સ તમામ ક્યુઆઈબીને પ્રમાણસર ફાળવણી માટે બાકીના નેટ ક્યુઆઈબી હિસ્સામાં ઉમેરવામાં આવશે. ઉપરાંત, ઓફરના મહત્તમ ૧૫ ટકા શેર નોન-ઈન્સ્ટિટ્યૂશનલ બિડર્સ("NIBs")ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે.

## મહિન્દ્રાએ વીરો રેન્જનું વિસ્તરણ કર્યું

મુંબઈ, તા. ૮ : ભારતની અગ્રણી યુટિલિટી વાહન ઉત્પાદક અને ૩.૫ ટનથી ઓછા વજનના ન્ઘ્સ સેગમેન્ટમાં અગ્રણી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે નવી વીરો 1.1 XXL CNG અને અપગ્રેડેડ વીરો ડીઝલ લોન્ચ કરવાની જાહેરાત કરી હતી.સપ્ટેમ્બર ૨૦૨૪માં સૌપ્રથમ લોન્ચ કરવામાં આવેલી, વીરો ૩.૫ ટનથી ઓછા વજનના સેગમેન્ટમાં ઈનોવેશન અને વિશ્વસનીયતાનો પુરાવો છે. પોતાના વર્ગમાં શ્રેષ્ઠ માઈલેજ, અસાધારણ પ્રદર્શન અને એડવાન્સ્ડ સેફટી ફીચર્સનું સંયોજન કરીને, તે મહિન્દ્રાના અર્બન -ેસ્પર પ્લેટફોર્મ નો પણ આરંભ કરે છે, જે ભારતનું પ્રથમ ગ્રાઉન્ડ-અપ, મલ્ટી-એનર્જી મોડ્યુલર ઘ્ સ્ પ્લેટફોર્મ છે. વીરો 1.1 XXL CNG નવું વીરો 1.1 XXL CNG ખાસ કરીને શહેરની અંદરના ઉપયોગ માટે તૈયાર કરવામાં આવ્યું છે. તે ૧.૧ ટન પેલોડને પોતાના વર્ગમાં શ્રેષ્ઠ ૨૯૦૦ મીમી (૯.૫ ફૂટ) કાર્ગો ડેક સાથે જોડે છે, જે કોમ્પેક્ટ ફૂટપ્રિન્ટ જાળવી રાખીને ઉચ્ચ-વોલ્યુમના લોડ માટેની વ્યવસ્થા કરી આપે છે. વધુમાં, તેનો ૫.૧ મીટરનો ટર્નિંગ રેડિયસ ભીડભાડવાળી શેરીઓ, ચુસ્ત લોડિંગ અને અનલોડિંગના સ્થળોએ સરળ ચાલકક્ષમતાને સક્ષમ બનાવે છે. આ વાહન ૧.૫ લિટરના નેચરલી એસ્પિરેટેડ એન્જિન દ્વારા સંચાલિત છે, જે 48.5 kWનો પાવર અને ૯૮ ફૂની ટોર્ક ઉત્પન્ન કરે છે.૨૧.૪ કિમી/કિલોગ્રામની ARAI-પ્રમાણિત ઈંધણ કાર્યક્ષમતા અને ૪૫૦ કિમીથી વધુની સંયુક્ત પેટ્રોલ + CNG ડ્રાઈવિંગ રેન્જ સાથે, ન્યૂ વીરો 1.1 XXL CNG વિસ્તૃત ઓપરેટિંગ રેન્જ અને ઓછામાં ઓછા નિષ્ક્રિય સમયગાળા પૂરા પાડવા માટે રચાયેલ છે.

# અન્ય સમાચારો

## ડાંગનાં સીતાવનમાં ખંડિત મૂર્તિ કાંડ બાદ શબરીધામ મુદ્દે નવો વિવાદ

### રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ સંત અસીમાનંદ સામે કરેલા કથિત આક્ષેપોથી ખળભળાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૮ :** ડાંગ જિલ્લાના ગારખડી ગામના સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટનાને લઈને હિન્દૂ સમાજમાં રોષનો માહોલ હજુ યથાવત્ છે, ત્યારે આ મુદ્દે યોજાયેલી સભામાં શબરીધામને લઈને નવો વિવાદ સામે આવ્યો છે. ડાંગના વાસુર્ણાનાં રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ શબરીધામના સંત અસીમાનંદ સામે જાહેરમાં કરેલા કથિત આક્ષેપોને પગલે ધાર્મિક અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

સીતાવન ખાતે અજાણ્યા ઈસમ દ્વારા ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવામાં આવ્યા બાદ હિન્દૂ સંગઠનો દ્વારા ગારખડી ગામના હનુમાન મંદિર ખાતે સંમેલન યોજાયું હતુ. ગત શનિવારે યોજાયેલા આ સંમેલનમાં સાધુ-સંતો, હિન્દૂ સંગઠનોના આગેવાનો તેમજ રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ કરી મૂર્તિઓ ખંડિત કરનાર તત્વોને તાત્કાલિક ઝડપી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. આ સભામાં ડાંગના રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ સીતાવનની ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ડાંગમાં ૩૧૧ હનુમાન મંદિરનો સંકલ્પ કરનાર પી.પી. સ્વામીએ પણ સમગ્ર મામલે શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવવાની વાત કરી હતી. આ દરમિયાન સભાને સંબોધતા ડાંગના રાજવી ધનરાજસિંહે શબરીધામના સંત અસીમાનંદને લઈને કટાક્ષ કરતાં કેટલાક કથિત આક્ષેપો કર્યા હતાં. સમગ્ર નિવેદનની વિડિયો ક્લિપ પણ ચર્ચામાં આવી છે.

## કાલે નાની દમણમાં ગીતા-ભાગવત સત્સંગ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૮ :** નાની દમણ સ્થિત સંત આસારામજી આશ્રમ ખાતે ૧૦ સપ્ટેમ્બરના રોજ ગીતા-ભાગવત સત્સંગનું આયોજન કરવામાં આવશે. રામાભાઈના સાનિધ્યમાં યોજાનારા આ કાર્યક્રમમાં પૂજ્ય સંત શ્રી આસારામજી બાપુનો વિશેષ વીડિયો સત્સંગ પણ દર્શાવવામાં આવશે.

સત્સંગનો પ્રારંભ સવારે ૧૧:૩૦ કલાકે થશે. આયોજકો દ્વારા શ્રદ્ધાળુઓ અને પરિવારજનોને બાળકો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

## પર્યુષણ એટલે સ્નેહનું સર્જન... ને વેરનું વિસર્જન

માનવીએ ક્રોધથી દૂર રહેવું જોઈએ, કારણકે નરકાદિ દુર્ગતિનું કારણ છે. ક્રોધ એ માનવીનો મોટામાં મોટો દુશ્મન છે. એનાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, ને શુભભાવ નષ્ટ થાય છે. ક્રોધના આવેશમાં માનવી મહાચંડાળ જેવો ઉગ્ર બની જાય છે. ક્રોધ જ્યારે ઉગ્ર બની ઘૂંટાયેલો રહે ત્યારે તે વૈરભાવમાં પરિણમે છે ને વૈરભાવ ભવની પરંપરા ઊભી કરે છે. હે માનવ ! પર્યુષણનો સંદેશો છે કે જેની ખાતર વૈર બંધાયા તેમાંનું કશું પણ કે કોઈ પણ તારી સાથે આવવાનું નથી, પણ જીવો સાથે બાંધેલા વૈર કે વૈરાનુબંધ પડછાયાની જેમ તારી સાથે આવશે.

વૈર કરતાં વૈરાનુબંધ ભયંકર છે, કારણ અનેક ભવો સુધી તેની પરંપરા ચાલતી રહે છે. ભવ બદલાય, વેશ બદલાય, દેશ બદલાય, ગામ બદલાય, નામ બદલાય, પણ વૈરના કુસંસ્કારો બદલાતા નથી.

દુર્યોધન કે રાવણ જેવાના દૃષ્ટાંતો જોતાં ખ્યાલ આવે કે. વૈરભાવ માત્ર મરણ સુધી જ રહે એમ નહિ. આજે પણ રાવણ અને લક્ષ્મણ નરકમાં પરસ્પર લડે છે. અગ્નિશર્મા ને ગુણસેન, કમઠ ને પાર્શ્વનાથ, શ્રેણીકને કોણિક, હાલિક ખેડૂતને પ્રભુ વીર, નયશીલસૂરીજી, ચંડકૌશિક સર્પ જેવા દૃષ્ટાંતોના ચરિત્રગ્રંથો પુરવાર કરે છે કે વૈર ને વૈરાનુબંધના કટુ વિપાકો ભવોભાવ ચાલે છે.

**- મ.સા. પાશ્વયશ**

## આછવણીના પ્રગટેશ્વર ધામમાં શ્રાવણના છેલ્લા સોમવારે ભક્તો ઉમટ્યા

**ખેરગામ, તા.૦૮ :** પ્રગટેશ્વર ધામ આછવણીમાં ધર્માચાર્ય પરભુદાદા અને રમાબાના પરમ સાનિધ્યમાં પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારની ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે એકકુંડી લઘુરુદ્ર યજ્ઞ અને મહાઅભિષેક કરાયો હતો. પ્રગટેશ્વર ધામના ગોર મહારાજ કશ્યપભાઈ જાની અને તેમના સાથી ભૂદેવોએ વૈદિક મંત્રોચ્ચારથી યજ્ઞ વિધિ સંપન્ન કરાવી હતી.

શિવ પરિવાર નવસારીની સમિતિ દ્વારા પ્રગટેશ્વરદાદાને બીલપત્રના નાગદેવનો અદભૂત શણગાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત શ્રી અમરનાથની પ્રતિકૃતિ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.



શિવ પરિવાર મહિલા મંડળે ભગવાન ભોળાનાથનો સ્વરચિત ગરબો, ગુજરાત અને મહારાષ્ટ્ર શિવ પરિવાર પુરુષ મંડળે તેમજ નાના બાળક શિવાંશ શિંદેએ શિવ તાંડવ નૃત્ય, સેલવાસના હરેશભાઈ પટેલના પરિવારે ભક્તિની અડગ શક્તિ વિષયક નાટ્યકૃતિ, શિવ તાંડવ નૃત્ય રજૂ કર્યા હતા. આ તમામ કૃતિઓને ઉપસ્થિત શિવભક્તોએ મનભરીને માણી હતી. શિવ પરિવારના અપ્પુભાઈએ શિવ મહિમા સ્તોત્રમ, પ્રકૃતિબેન, હિરલબેન અને સીતાબેને શિવ ભજન, પ્રગટેશ્વર સેવા સમિતિ મહારાષ્ટ્ર શિવ પરિવારની દીકરી કસ્તુરીએ કાલ ભૈરવાષ્ટક તેમજ મહિલા પ્રમુખ રજની શિંદેએ શ્રાવણ માસને અનુલક્ષીને પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું હતું.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM SWETA/SWETA VIMALBHAI JOSHI/ SWETA HEM DESAI TO NEW NAME SWETA VIMAL JOSHI AS PER DOCUMENTS

### CHANGE OF NAME

I Aarya Rahul Garasia ,D/O Rahul Gamanbhai Garasia, R/O C-502, Pramukh Sanidhya, Near S.T.Workshop, Abrama, Valsad, Tal.Dist.Valsad - 396002, Gujarat .Here by declares that AARYA RAHUL GARASIA & AARYA RAHULBHAI GARASIA are same and one identical person vide Affidavit Dated : 01/09/2026 and shall be known as a AARYA RAHUL GARASIA for all the future purposes.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM KALPA CHAMANLAL VALERA TO NEW NAME KALPA CHIRAG JOSHI AS PER DOCUMENTS

### PUBLIC NOTICE

Notice is hereby given that my client has decided to purchase the Non-Agriculture land for Multipurpose or Industrial use, bearing Survey No. 1819/3 (Plot No. 003 & Old S. No. 727), admeasuring about 2556.00 Sq. Mtr. located in "Nisarg Royale Industrial Park" situated at :- Vatar, Tal. Vapi, Dist. Valsad, from its absolute owners and possession holders, namely (1) Vipul Kanaiyalal Kakaria HUF (2) Kaushal Vipul Kakaria HUF (3) Kaushal Vipul Kakaria and (4) Kajal Kaushal Kakaria, Residing at:- E/40-41, Royal Village, Daman Road, Kunta, Vapi, Tal. Vapi, Dist. Valsad free from all encumbrances, claims and demands.

That any persons or any institution having any claim/claims, right, interest etc. in the said property by way of sale, inheritance, agreement, contract, mortgage, possession, gift, easement, lease, lien, charge, maintenance, bequeath, partnership, trust, tenancy etc. shall intimate the same in writing, alongwith supporting documents to undersigned within 07 (Seven) days from the date of publication of this notice, failing which my client/purchaser shall get the said property transferred by executing a registered sale deed treating that there are no such claim/ claims if any, shall be deemed to have been waived and/or abandoned forever and no claim in respect thereof shall thereafter be entertained by my client/purchaser.

**Date : 09/09/2026**
**Through me**
**Nilesh K. Patel,**
**Advocate for the Purchaser**
**Office: F-08, Fist Floor,**
**Garden View CHSL, Opp. GIDC Garden**
**Above Monika Ice Cream, Koparli Road,**
**Vapi (E)-396 191, Tal. Vapi, Dist. Valsad**
**Mob. 98251 87898**

**Sd/-**
**With our Instructions**

### IMP પાવર્સ લિમિટેડ

IMP POWERS LTD.
CIN : L31300DN1961PLC000232
**રજિસ્ટર્ડ ઓફિસ :** સર્વે નંબર 263/3/2/2, ગામ સાયલી, ઉમર કુઈન રોડ, સિલવાસા, દાદરા અને નગર હવેલી - 396 230 ।
**ઓફિસ :** CH-7, ઈન્સ્પાયર બિઝનેસ પાર્ક, શાંતિગ્રામ, એસજી. હાઈવે, અમદાવાદ - 382 421 | **Tel. No.:** +91-0260-2464100/ +91-79-2655 4100
**Website** : www.imp-powers.com | **Email ID** : info@imp-powers.com

**વાર્ષિક જનરલ મીટિંગની નોટિસ અને ઈ-વોટિંગ વિશે માહિતી**

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના શેરધારકોની **૬૪મી વાર્ષિક જનરલ મીટિંગ ("AGM") બુધવાર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે** (IST) વિડિઓ કોન્ફરન્સિંગ ("VC") અથવા અન્ય ઑડિઓ-વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા યોજાશે જેથી AGM ની નોટિસમાં જણાવેલ કાર્યો પાર પાડી શકાય.

કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA") એ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજના તેના સામાન્ય પરિપત્ર, ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૫ મે, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, ૮ ડિસેમ્બર, ૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧, ૫ મે, ૨૦૨૨, ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ (સામૂહિક રીતે "MCA પરિપત્રો" તરીકે ઓળખાય છે) ના પરિપત્રો સાથે વાંચીને, સભ્યોની ફિઝિકલ હાજરી વિના, વિડિઓ કોન્ફરન્સિંગ ("VC") અથવા અન્ય ઑડિઓ વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા વાર્ષિક જનરલ મીટિંગ ("AGM" / "મીટિંગ") બોલાવવાની મંજૂરી આપી છે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ("એક્ટ") અને તેના હેઠળ બનાવેલા નિયમો સાથે વાંચવામાં આવતા નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") ની લાગુ જોગવાઈઓ અનુસાર, કંપનીની AGM VC / OAVM દ્વારા યોજાઈ રહી છે. AGM માટેનું સ્થળ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ રહેશે એવું માનવું.

ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (વાર્ષિક રીપોર્ટ) માટે વાર્ષિક રીપોર્ટ સાથે AGM ની નોટિસ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ઈલેક્ટ્રોનિક માધ્યમથી તે સભ્યોને મોકલવાનું પૂર્ણ કરવામાં આવ્યું છે જેમના ઈમેઈલ આઈડી કંપની/ ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. વધુમાં, કંપનીએ ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૬(૧)(બી) અનુસાર કંપની/ RTA/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(ઓ) સાથે નોંધાયેલા ન હોય તેવા સભ્યોને વાર્ષિક રીપોર્ટ૨૦૨૫-૨૬ (નોટિસ સહિત) ઍક્સેસ કરવાના માર્ગ સાથે વેબ-લિંક ધરાવતો પત્ર મોકલવાનું પણ પૂર્ણ કર્યું છે. AGM અને વાર્ષિક રીપોર્ટની નોટિસ કંપનીની વેબસાઈટ www.imp-powers.com, સ્ટોક એક્સચેન્જો એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ્સ www.bseindia.com અને www.nseindia.com પર અને MUFG ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (MUFG ઈન્ટાઈમ) (AGM દરમિયાન રિમોટ ઈ-વોટિંગ સુવિધા અને ઈ-વોટિંગ સિસ્ટમ પ્રદાન કરવા માટે RTA અને એજન્સી) ની વેબસાઈટ https://instavote.linkintime.co.in/ પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ ('ધ એક્ટ') અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવતા, સમય સમય પર સુધારેલા, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જનરલ મીટિંગ્સ પર જારી કરાયેલ સેક્રેટરિયલ સ્ટાન્ડર્ડ્સ-૨ અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ રેગ્યુલેશન્સ) ૨૦૧૫ ના નિયમ ૪૪ ના પાલનમાં, કંપની AGM દરમિયાન રિમોટ ઈ-વોટિંગ તેમજ ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડી રહી છે જેથી AGM ની નોટિસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિક રીતે વોટિંગ કરી શકાય. કંપનીએ સભ્યોને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે MUFG ઈન્ટાઈમની સેવાઓનો ઉપયોગ કર્યો છે. ઉપરોક્ત જોગવાઈઓ અનુસાર જરૂરી વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:

સભ્યોએ નોંધ લેવી જોઈએ કે: (એ) **રિમોટ ઈ-વોટિંગ સમયગાળો શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે** (IST) શરૂ થશે અને **મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે** (IST) સમાપ્ત થશે. ત્યારબાદ વોટિંગ માટે MUFG ઈનટાઈમ દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને બંધ કરવામાં આવશે. (બી) AGM દરમિયાન ઈ-વોટિંગ માટેની સુવિધા એવા સભ્યો માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે જેઓ AGM માં હાજરી આપે છે અને પહેલાથી જ રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો વોટ આપ્યો નથી; (સી) જે સભ્યોએ AGM પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો વોટ આપ્યો છે તેઓ VC / OAVM દ્વારા પણ AGM માં હાજરી આપી શકે છે/ ભાગ લઈ શકે છે પરંતુ ફરીથી પોતાનો વોટ આપવા માટે હકદાર રહેશે નહીં; (ડી) જે વ્યક્તિનું નામ ડિપોઝિટરીઝ દ્વારા રાખવામાં આવેલા સભ્યો અથવા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં **કટ-ઓફ તારીખ** એટલે કે **બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬** ના રોજ નોંધાયેલ છે તે રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે; (ઈ) કોઈપણ વ્યક્તિ જે નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર મેળવે છે અને કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ સુધી શેર ધરાવે છે, તે enotices@in.mpms.mufg.com પર વિનંતી મોકલીને લોગ-ઈન અને પાસવર્ડ મેળવી શકે છે જેમાં તેમનો ડીમેટ એકાઉન્ટ નંબર/ ફોલિયો નંબર, PAN, નામ અને રજિસ્ટર્ડ સરનામું જણાવેલ છે. ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની પ્રક્રિયા AGM ની નોટિસમાં ઉપલબ્ધ છે. કૃપા કરીને https://instavote.linkintime.co.in/ પર ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ શેરધારકો માટે ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લો.

જો તમને MUFG ઈન્ટાઈમ ઈ-વોટિંગ સિસ્ટમ તરફથી AGM અને ઈ-વોટિંગમાં હાજરી આપવા અંગે કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે enotices@in.mpms.mufg.com પર ઈમેઈલ કરી શકો છો અથવા ટેલિફોન નંબર ૦૨૨-૪૯૧૮૬૦૦૦ પર સંપર્ક કરી શકો છો. ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ ફરિયાદના કિસ્સામાં, કૃપા કરીને શ્રી રાજીવ રંજન, આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ, MUFG ઈન્ટાઈમનો સી-૧૦૧, ૨૪૭ પાર્ક, L B S માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૩ પર સંપર્ક કરો અથવા enotices@in.mpms.mufg.com પર અથવા ઉપરોક્ત ટેલિફોન નંબર પર સંપર્ક કરવો.

**IMP પાવર્સ લિમિટેડ** વતી
**યશ શાહ**
કંપની સેક્રેટરી અને કોમ્પલાયન્સ ઓફિસર
મેમ્બરશીપ નં. - A49578

તારીખ : ૦૮-૦૯-૨૦૨૬
સ્થળ : અમદાવાદ

### SSR INSTITUTE OF MANAGEMENT & RESEARCH, SILVASSA

*Empower Yourself @ IMR*
**Permanently Affiliated to Savitribai Phule Pune University (SPPU), Pune and Approved by AICTE, New Delhi & DTE, Mumbai, Maharashtra**

**DTE Code: 06169 Choice Code: 0616910110**

**BBA ADMISSION NOTICE: 2026-27**

SSR IMR invites the applications for the First Year BBA admissions for Institute Level seats (IL) and Against CAP Seats (seats vacant after CAP rounds) from the registered students with Directorate of Technical Education (DTE) / State CET CELL, Mumbai, Maharashtra.

All admissions are governed by the rules published & prescribed in the Information brochure by the Govt. of Maharashtra, State Common Entrance Test Cell, DTE Mumbai, and Maharashtra. (https://cetcell.mahacet.org/)

Last date for Distribution & submission of Application Forms is 9th Sept. 2026 at the Institute's office between **10:00 AM to 04:00 PM.**

**We accept Entrance scores as approved by the DTE / CET Cell, Maharashtra.**
**Entrance Test accepted: MH CET, CUET (501 General test)**

Sayli Silvassa Road, Silvassa396230, UT of DNH & DD
Contact Details: 9081160002, 9737878757
director@ssrimr.edu.in, www.ssrimr.edu.in

### SSR INSTITUTE OF MANAGEMENT & RESEARCH

*Empower Yourself @ IMR*
**Permanently Affiliated to Savitribai Phule Pune University (SPPU), Pune and Approved by AICTE, New Delhi & DTE, Mumbai, Maharashtra**

**DTE Code: MB 06169 Choice Code: 0616910110**

**MBA ADMISSION NOTICE: 2026-27**

SSR IMR invites the applications for the First Year MBA admissions for Institute Level seats (IL) including the DNH Quota Seats and Against CAP Seats (seats vacant after CAP rounds) from the registered students (FC/SC) with Directorate of Technical Education (DTE) /Admission Regulatory Authority (ARA), Mumbai, Maharashtra.

All admissions are governed by the rules published & prescribed in the Information brochure by the Govt. of Maharashtra, State Common Entrance Test Cell, DTE / ARA, Mumbai, Maharashtra. (https://cetcell.mahacet.org/)

Last date for Distribution & submission of Application Forms is 9th Sept. 2026 at the Institute's office between **10:00 AM to 04:00 PM.**

**We accept Entrance scores as approved by the DTE / ARA, Maharashtra**
**(MH CET/CAT/CMAT/MAT/ATMA/GMAT/XAT)**

Sayli Silvassa Road, Silvassa-396230, UT of DNH & DD
Contact Details: 9081160002, 9737878757
director@ssrimr.edu.in, www.ssrimr.edu.in

**No. MAM/SIL/RTS/RBD-DNH/200/Birth/2026/4512 Dated: 22/08/2026.**

**APPLICANT - APPLICANT- Avinash Ramesh Vaijal,**
**Presently residing at- Rautpada, Umarkui, DNH**
**Mo. 9104419856**
**V/S**
**OPPONENTS - The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa.**

**NOTICE**

The public to take note that the above, named applicant Avinash Ramesh Vaijal's son, namely Nitiksh Avinashbhai Vaijal, who was born on 24/12/2024 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa. Hence, the applicant has moved on application to pass an order to register birth of Nitiksh Avinashbhai Vaijal. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

**No. MAM/SIL/RTS/RBD-DNH/207/Birth/2026/4506 Dated: 22/08/2026**

**APPLICANT - Anup Kuvar,**
**Presently residing at- Room No. D-4, Ishwarbhai's chal, Near Maa Bhavani Temple, Naroli, DNH**
**Mo. 95019111658**
**V/S**
**OPPONENTS- The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa.**

**NOTICE**

The public to take note that the above, named applicant Anup Kuvar's son, namely Shivansh Kuvar, who was born on 09/10/2024 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa. Hence, the applicant has moved on application to pass an order to register birth of Shivansh Kuvar. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

### -:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::-

આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત સરકારી રેકર્ડ દફતરે (૧) શ્રી અંકુર કમલેશ મેહતા, (૨) શ્રી નિતેશ કમલેશ મેહતા, (૩) શ્રીમતિ હીમા અંકુર મેહતા, (૪) શ્રીમતિ નેહા નિતેશ મેહતા, સઘળા રહે. બંગ્લો નં. એ/૭૨/૭૩, અવધ હેલીકોનિયા હોમ્સ, ગામ : ટુકવાડા, તા. પારડી, જી. વલસાડ, સ્ટેટ : ગુજરાતના નામ ઉપર માલીકી હક્કે ચાલી આવેલ છે અને સદર મીલ્કત ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

જેથી નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, દર દાવો, હક્ક, હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમોએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ (સાત)માં હમારો યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો અને એ ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહી તો તેવે વખતે હમારૂ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. અને ત્યારબાદ હમારા અસીલ સદર મીલ્કતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદર મીલ્કતના માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતાં વળગતાઓએ નોંધ લેવી.

**-:: શિડ્યુલ ::-**

વલસાડ ડીસ્ટ્રીક્ટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ ઉમરગામ તાલુકાનાં ''માંડા'' ગામે આવેલ બિનખેતીના....

| જુનો સર્વે નંબર | રી. સર્વે નંબર | ક્ષેત્રફળ ચો.મી.માં | ક્ષેત્રફળ ચો.મી.માં |
|---|---|---|---|
| ૬૬/૮ | ૧૭૪/ પૈકી ૧ | ૬૮૧૮.૦૦ | ૨૦૪૫.૦૦ |

ના ક્ષેત્રફળવાળી જમીન મીલકત તથા તેમાં ઝાડ-બીડ તથા તેમાં જાવ-આવ કરવાના રસ્તાના વપરાશના હક્કો સહિત તેને લગતા, લાગતા, વળગતા તમામ પ્રકારના હક્કો સહીત વાળી મીલકત.

**મુકેશ એમ. ઠુમર (એડવોકેટ) મો.નં.૯૮૨૫૧૪૫૦૮૫**
ઓફીસ નં.૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વેની ઉપર, ને.હા.નં.૮, વાપી - ૩૯૬૧૯૧

દમણગંગા ટાઈમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205




દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Wednesday 09, September 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



પર્યુષણ મહા પર્વના પ્રથમ દિવસે વાપીની મેઘમયુર સોસાયટી ખાતે આવેલ દેરાસરમાં શ્રી અજીતનાથ ભગવાનની ભવ્ય આંગી કરવામાં આવી હતી. આ વિસ્તારમાં વસતા જૈન સમુદાયના અનેક સાધકો પર્યુષણ પર્વની આરાધના સાથે ભગવાનના દર્શનાર્થે આવી રહ્યા છે.

## વાપી હાઉસિંગના ગેરકાયદે બાંધકામ મુદ્દે મુદ્દત માંગવાની તજવીજ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપીના ગુંજન હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રહેણાંક મકાનોની નીચે અને સામે ગેરકાયદે પાકા તેમજ કાચા બાંધકામ કરી કોમર્શિયલ પ્રવૃત્તિ ચલાવતા ૧૦૦થી વધુ ફ્લેટધારકોને ગુજરાત હાઉસિંગ બોર્ડની સુરત કચેરી દ્વારા નોટિસ ફટકારવામાં આવતા વેપારીઓ અને દુકાનધારકોમાં ફફડાટ ફેલાયો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ, વાપી જીઆઈડીસીના ગુંજન વિસ્તારમાં આવેલા હાઉસિંગ બોર્ડ, LIG-1 અને LIG-2 સેક્ટરની અને ગુંજન મુખ્ય માર્ગથી પ્રાઈમ હોટલ તેમજ મોરારજી સર્કલ સુધીના અનેક બિલ્ડીંગોની નીચે તેમજ આસપાસ ગેરકાયદે બાંધકામ કરી દુકાનો તથા અન્ય કોમર્શિયલ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે. આ અંગે અગાઉ વાપી જીઆઈડીસી નોટિફાઈડ બોર્ડ તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડની વડી કચેરીમાં ફરિયાદો કરવામાં આવી હતી.

ફરિયાદોમાં મોટાભાગની બિલ્ડીંગો જર્જરિત હાલતમાં હોવાનો અને અનેક મકાનોમાં લોકો રહેતા ન હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં કોઈ બિલ્ડીંગ ધરાશાયી થાય તો દુકાનમાં ખરીદી માટે આવેલા ગ્રાહકો કે રાહદારીઓની સલામતી સામે પણ ગંભીર પ્રશ્ન ઊભો થઈ શકે છે. ગુજરાત હાઉસિંગ બોર્ડની સુરત કચેરી દ્વારા ગઈકાલે ૧૦૦થી વધુ લોકોને નોટિસ આપી સાત દિવસની અંદર ગેરકાયદે બાંધકામો દૂર કરવા સૂચના આપવામાં આવી છે. નોટિસ મળતા આજે દુકાનદારો અને વેપારીઓ એકત્ર થયા હતા અને આગામી ધાર્મિક તહેવારોને ધ્યાનમાં રાખીને દુકાનો હટાવવા માટે વધુ સમય આપવામાં આવે તેવી માંગ સાથે બેઠક કરી હોવાનું જાણવા મળ્યું છે.

### તંત્રનું જાહેરનામું ઝાંપા સુધી જ.!

## ડાંગની નદીઓમાં પ્રવાસીઓ જીવ જોખમમાં મુકી રહ્યા છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૮ :** એક તરફ તંત્ર દ્વારા જોખમી સ્થળોએ પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવે છે, જ્યારે બીજી તરફ પ્રતિબંધનો અસરકારક અમલ કરાવવા માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા કે સતત દેખરેખનો અભાવ જોવા મળી રહ્યો છે. વઘઈ-સાપુતારા માર્ગ પર રંભાસ ફાર્મ, સાકરપાતળ કુંડા ફાટક તેમજ ચીખલદા પુલ નજીક અંબિકા નદીના ધસમસતા પ્રવાહમાં પ્રવાસીઓ જોખમ ખેડીને સ્નાન કરતા હોવાના દૃશ્યો સામે આવી રહ્યા છે. આવા સંજોગોમાં જોખમી સ્થળોએ બેરિકેડિંગ, સ્પષ્ટ ચેતવણી બોર્ડ, સુરક્ષા કર્મચારીઓની તૈનાતી, પોલીસ-હોમગાર્ડની હાજરી તથા સતત પેટ્રોલિંગ જેવી વ્યવસ્થા કરવી તંત્રની પ્રાથમિક જવાબદારી બની જાય છે.

પરંતુ દુર્ઘટના સર્જાય અને કોઈનો જીવ જોખમાય ત્યારબાદ તંત્ર દોડતું થાય તેના બદલે દુર્ઘટના પહેલાં જ સાવચેતીના પગલાં લેવામાં આવે તે વધુ જરૂરી છે. પ્રવાસીઓ જોખમ ખેડતા હોય ત્યારે આંખ આડા કાન કરીને માત્ર જાહેરનામાનો હવાલો આપવાથી તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહી.

## દક્ષિણ ગુજરાત માટે સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટે માંગણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૮ :** બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના દક્ષિણ ગુજરાત ના આઠ સભ્યો દ્વારા દક્ષિણ ગુજરાતના સાત જિલ્લા અને ચાલીસ તાલુકા ની જનતા માટે દક્ષિણ ગુજરાતના મધ્ય માં આવેલ સુરત મુકામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ની બેન્ચ મેળવવા માટે માંગ પ્રબળ બની છે. જે માટે ની રૂપરેખા તૈયાર કરવા તથા બધાના અભિન્યો મેળવવા માટે ગત તારીખ ૦૭/૦૯/૨૦૨૬ ને રવિવાર ના રોજ કામરેજના એક રિસોર્ટમાં એક સંકલન સમિતિની મિટિંગ થઇ હતી. જેમાં દક્ષિણ ગુજરાતના તમામ તાલુકા તથા તમામ જિલ્લા ની કોર્ટમાં કાર્યરત તમામ બાર એસોસિયેશન માંથી તમામ પ્રમુખો સાથે પાંચ પાંચ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને એક સુરે દક્ષિણ ગુજરાત ના સુરત મુકામે હાઈકોર્ટ ની બેન્ચ મેળવવા માટે એકજુથ થઇ અવાજ ઉઠાવ્યો હતો.

આ તબ્બકે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના દક્ષિણ ગુજરાત ના આઠ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય પી. ડી. પટેલે જણાવ્યું હતું કે સમગ્ર ભારતના ઘણા રાજ્યોમાં એક થી વધુ હાઈકોર્ટની બેન્ચ કાર્યરત છે જ તે જ રીતે ગુજરાતના પાડોશી રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર માં ચાર, મધ્યપ્રદેશ માં બે અને રાજસ્થાન માં બે હાઈકોર્ટ ની બેન્ચ કાર્યરત છે.

હાલમાં ગુજરાતમાં અમદાવાદ મુકામે હાઈકોર્ટ આવેલ હોય મહારાષ્ટ્ર ની હદ પર આવેલ ઉમરગામ તથા કપરાડા સહિતના દક્ષિણ ગુજરાતની જનતાને અમદાવાદ સુધી ન્યાય મેળવવા માટે દોડવું પડે છે. સરકાર નો અભિગમ છે કે લોકો ને ઘર આંગણે ન્યાય મળે તે હેતુથી પણ સુરત મુકામે હાઈકોર્ટની બેન્ચ સ્થાપિત થાય તો દક્ષિણ ગુજરાત ની જનતા ને ન્યાય મેળવવા માટે છેક અમદાવાદ સુધી જવું નહિ પડે. દક્ષિણ ગુજરાત ના સભ્યો ની આગેવાની માં સુરત મુકામે હાઈકોર્ટ ની બેન્ચ મેળવવા માટે એકસંપ થઇ નીર્ધાર કરી આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ રાષ્ટ્રપતિ તથા રાજ્યપાલ તેમજ ગુજરાત સરકારને જોરદાર અસરકારક રજૂઆત કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

## વાપીના છીરીમાં યુવક પર હુમલો, બે સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૮ :** વાપીના છીરી વિસ્તારમાં આવેલી ગાયત્રી સોસાયટી, ડી-બિલ્ડીંગ નીચે પાર્કિંગમાં ગણપતિ મંડપનું કામ કરતા યુવકને માર માર્યાની ઘટના બની છે.

આ અંગે છીરી રસુલનગર ગાયત્રી સોસાયટીમાં રહેતા રાબિયા અંસારી (ઉ.૩૮) એ ફરિયાદ નોંધાવી છે. ૬/૦૯/૨૦૨૬રોજ તેમનો મોટો દીકરો આરીફ (ઉ.૨૧) સવારે નવ વાગ્યે રોજડા મજૂરી કામે ગયો હતો અને સાંજે ચાર વાગ્યે ઘરે આવી સોસાયટીમાં ગણપતિ મંડપનું કામ કરતો હતો. ત્યારે સોસાયટીમાં રહેતા આશીષ નામની મહિલાએ તેમને કહ્યું કે નીચે પિયુષ અને આયુષ તમારા દીકરા સાથે મારામારી કરે છે.

આરોપ છે કે, છીરી રામનગર ધનલક્ષ્મી સોસાયટીમાં રહેતા પિયુષ પ્રતાપ સીંગ અને આયુષ દયાનંદ સીંગે સોસાયટીમાં બહારના છોકરાઓએ આવવાની ના પાડી છે તેમ કહી ગાળો આપી આરીફને પકડીને ધક્કો મારી નીચે પાડી જડબા પર મુક્કા માર્યા અને પાર્કિંગમાં પડેલ બ્લોક વડે ડાબા પગના અંગૂઠા પર અને હાથમાં પહેરેલ કડા વડે ગરદન અને મોઢાના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરીફને ૧૦૮ મારફતે વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વલસાડ હાઈવે પર ટેમ્પોમાં આગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર આજે એક ચાલતા માલવાહક આઈસર ટેમ્પોમાં અચાનક આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી છે. વલસાડ ના પારનેરા પારડી સુગર ફેક્ટરી બ્રિજ પાસેથી પસાર થઈ રહેલા આઈસર ટેમ્પોમાં એકાએક આગ લાગતાં હાઈવે પર દોડધામ મચી ગઈ હતી. વલસાડના પારનેરા પારડી ગામે આવેલા સુગર ફેક્ટરી હાઈવે



ઓવરબ્રીજ પર આઈસર ટેમ્પો માં કોઈક કારણોસર આગ લાગવાની ઘટના બની હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ટેમ્પોની આખી કેબિન બળીને ખાખ થઈ ગયો હતો.

બનાવની જાણ થતાં જ વલસાડ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. ફાયર વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવા સાથે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## વાપીમાં દોઢ વર્ષના બાળકનું બાલ્કનીમાંથી પટકાતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૮ :** વાપી તા.વાપીના ગીતાનગર વિસ્તારમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અઢી વર્ષના માસૂમ બાળકનું બાલ્કનીમાંથી પટકાતા કરુણ મોત નિપજ્યું છે.

મળતી માહિતી મુજબ મૃતક બાળકનું નામ હર્ષ અજય ચૌધરી, ઉ.વ. અઢી વર્ષ, રહે. સનસાઈન સોસાયટી, બી-વિંગ, ૩૦૩, ગીતાનગર, સરદાર વલ્લભભાઈ પટેલ સ્કૂલની સામે, વાપી હોવાનું જાણવા મળ્યું છે. સોમવારે સાંજે ૪ થી ૪:૩૦ વાગ્યાના અરસામાં હર્ષ ઘરની બાલ્કનીમાં રમી રહ્યો હતો. રમત-રમતમાં તે બાલ્કનીની ગ્રીલ પર ચઢી ગયો હતો અને સંતુલન ગુમાવતા ત્રીજા માળેથી સીધો નીચે પટકાયો હતો. ગંભીર ઈજા થતા પરિવાર તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાને પગલે સોસાયટી અને પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીમાં દારૂનો વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૮ :** વાપી જી.આઈ.ડી.સી. અને વાપી ટાઉન પો.સ્ટે.ના કુલ ૩ પ્રોહીબિશનના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યો છે.

પીઆઈ એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ એલસીબીના પીએસઆઈ જે.જી.પરમાર તથા સ્ટાફના હરીશ કમરુલને બાતમી મળી હતી કે વાપી જીઆઈડીસી અને વાપી ટાઉનના દારૂના ગુનાનો વોન્ટેડ આરોપી પ્રફુલ ઉર્ફે પપ્પુ શુક્કરભાઈ કોળી પટેલ ઉ.૪૦ રહે.ભડકમોરા, મોટી સુલપડ, માનવ મિલન મંદિરની બાજુમાં તા.વાપીને ઝડપી પાડ્યો છે. આ આરોપી સામે દારૂના કુલ ૨૮ જેટલા ગુના વાપી ટાઉન અને ઉદ્યોગનગર નોંધાયા છે.

## ચીખલીના કાંગવઈ માર્ગ પર બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૮ :** ચીખલી તાલુકાના કાંગવઈ થી જોગવાડ જતા રોડ ઉપર એક મોટરસાયકલ સવાર યુવાન ની ગાડી સ્લીપ થઈ જતા ગાડી નીચે દબાઈ જતા યુવાનનું મોત નીપજ્યું હોવાની ઘટના ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

ચીખલી તાલુકાના કાંગવઈ થી જોગવાડ જતા સલીમભાઈ માંકડના ખેતરની સામે જાહેર રોડ ઉપર રાત્રિના સવા નવેક વાગ્યાના અરસામાં એક હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ નંબર જીજે ૧૯ એસી ૧૬૭૦ ઉપર સવાર જીગ્નેશભાઈ શંકરભાઈ ધોડિયા પટેલ ઉ.વ. ૩૪ રહે. સાંબા ગામ વાણીયા ફળિયા તા. અંબિકા જી. સુરત જે ચીખલી થી કામ પતાવીને ઘરે જઈ રહ્યો હતો દરમિયાન પોતાની મોટરસાયકલ સ્લીપ થઈ જતા રોડ ઉપર પડતા ગાડી નીચે દબાઈ ગયો હતો જેને ૧૦૮ ની સુવિધા મારફતે ટાંકલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરે જીગ્નેશ પટેલને મરણ ગયેલ હોવાનું જાહેર કર્યું હતું મરનાર જીગ્નેશભાઈ પટેલ માતા-પિતાનો એકનો એક દીકરો રહ્યો છે બનાવ અંગેની ફરિયાદ શંકરભાઈ બેહચરભાઈ પટેલ ના એ ચીખલી પોલીસ મથકમાં કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પી.એસ.આઈ આર એન વાડલે કરી રહ્યા છે.

## ચીખલીના થાલા હાઈવે ઉપર કાર અકસ્માત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૮ :** ચીખલી ને.હા. નંબર ૪૮ ઉપર આવેલ થાલા ગામની હદમાં નવસારી ખાતે નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં હાજરી આપવા જઈ રહેલા ખેરગામ તાલુકાના ખેરગામ ના કાર્યકરની અર્ટિગા ગાડી સાથે લોખંડના પાઈપ ભરેલ ટ્રક સાથે અકસ્માત થતા અર્ટિગા ગાડીમાં સવાર એક મહિલા સહિત પાંચ વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો.બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર બપોરના સમયે ખેરગામ તાલુકાના ખેરગામ શામળા ફળિયા ખાતે



રહેતા ભાજપના કાર્યકરો નવસારી ખાતે આજે નરેન્દ્ર મોદી નો કાર્યક્રમ હોય જે કાર્યક્રમમાં હાજરી આપવા માટે અર્ટિગા ગાડી નંબર જીજે ૨૧ સીસી ૭૩૧૭ લઈને જઈ રહ્યા હતા દરમિયાન થાલા ગામની હદમાં અર્ટિગા ગાડી અને લોખંડના પાઈપ ભરીને જામનગર જઈ રહેલ ટ્રક નંબર જીજે ૩૭ ટી ૭૭૮૫ સાથે અકસ્માત થતા અર્ટિગા ગાડી ટ્રક સાથે અથડાઈને રોડની વચ્ચે આવેલ ડિવાઈડર સાથે અથડાઈને આડી ઉભી રહી ગઈ હતી ત્યારે લોખંડના પાઈપ ભરેલ ટ્રક અર્ટિગા ગાડી સાથે ધડાકાભેર અથડાતા ટ્રકમાં ભરેલ પાઈપ આગળના ભાગેથી નીકળી અર્ટિગા ગાડી ઉપર પડ્યા હતા જોકે અર્ટિગા ગાડીનો છતનો ભાગ બેસી ગયો હતો પરંતુ ગાડીમાં સવાર એક મહિલા સહિત પાંચ વ્યક્તિઓનો ચમત્કારિક બચાવ થયો હતો બનાવને પગલે રોડ ઉપર ટોળે ટોળું ભેગું થઈ ગયું હતું.

## વલસાડમાં કોંગ્રેસ દ્વારા 'GenZ અને કિસાન અધિકાર યાત્રા'નું એલાન

### યુવાનો અને ખેડૂતોના પ્રશ્ને તાલુકાવાર જનસંપર્ક અને આવેદનપત્ર અપાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય માં આજે પત્રકાર પરિષદ યોજાઈ હતી, જેમાં યુવાનો અને ખેડૂતોના હકો માટે સમગ્ર વલસાડ જિલ્લામાં GenZ અને કિસાન અધિકાર યાત્રા' યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રેસ કોન્ફરન્સ વલસાડ જિલ્લા કોંગ્રેસ - મુખ અને પૂર્વ સાંસદ કિશનભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ધર્મેશ ઉર્ફે ભોલા પટેલ તેમજ મહામંત્રી ગિરીશભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.





કોંગ્રેસ આગેવાનોએ જણાવ્યું હતું કે આ યાત્રામાં યુવા પેઢી અને ખેડૂતો મોટી સંખ્યામાં જોડાશે. આ યાત્રા અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓમાં ગામડે-ગામડે ફરી લોકોના પ્રશ્નો જાણી સંબંધિત મામલતદાર કચેરીઓ પર આવેદનપત્ર આપવામાં આવશે.જેમાં નાનાપોંઢા તાલુકા માં ૭ સપ્ટેમ્બરથી પ્રેસ કોન્ફરન્સ સાથે પ્રારંભ, ૯ થી ૧૧ સપ્ટેમ્બર વિવિધ ગામોમાં સંપર્ક, ૧૩ સપ્ટેમ્બરે મોટી કોરવળ ખાતે કાર્યક્રમ અને ૧૪ સપ્ટેમ્બરે નાનાપોંઢા મામલતદારને આવેદનપત્ર આપશે. કપરાડા તાલુકા માં ૧૫ થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન ગામડાઓમાં જનસંપર્ક, ૨૦ સપ્ટેમ્બરે કપરાડા ખાતે પ્રેસ કોન્ફરન્સ અને ૨૧ સપ્ટેમ્બરે કપરાડા મામલતદારને આવેદનપત્ર, ઉમરગામ તાલુકા માં ૨૨ સપ્ટેમ્બરે પ્રેસ કોન્ફરન્સ, ૨૩ થી ૨૬ સપ્ટેમ્બર જનસંપર્ક અભિયાન અને ૨૮ સપ્ટેમ્બરે મામલતદારને આવેદનપત્ર, વાપી મહાનગરપાલિકા માં ૨૯ સપ્ટેમ્બરે વાપી ખાતે પ્રેસ કોન્ફરન્સ બાદ બપોરે યાત્રાનો પ્રારંભ, ૩૦ સપ્ટેમ્બરે સંપર્ક અને ૧ ઓક્ટોબરે આવેદનપત્ર, પારડી તાલુકો માં તા.૨ થી ૪ ઓક્ટોબર વિવિધ ગામોમાં યાત્રા અને ૫ ઓક્ટોબરે પારડી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવશે.

વલસાડ તાલુકા માં ૬ થી ૯ ઓક્ટોબર સુધી જનસંપર્ક કાર્યક્રમ અને ૧૦ ઓક્ટોબરે પ્રેસ કોન્ફરન્સ. ધરમપુર તાલુકા માં ૧૧ થી ૧૪ ઓક્ટોબર દરમિયાન તાલુકાના વિસ્તારોમાં યાત્રા યોજાશે જે બાદ તારીખ ૧૯ ઓક્ટોબરે જિલ્લા કક્ષાએ રજૂઆત તમામ તાલુકાઓમાં કાર્યક્રમો સંપન્ન થયા બાદ ૧૯ ઓક્ટોબરના રોજ સવારે ૧૧ કલાકે વલસાડ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે તમામ કાર્યકરો અને આગેવાનો એકત્રિત થઈ જિલ્લા કક્ષાનું આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરશે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

ભરતી કરવાની છે
વાપી - છરવાડા ખાતે આવેલ "3" Star ભારતીબા વિલા કલબ એન્ડ રીસોર્ટ પ્રા.લી ખાતે Accountant ની ભરતી કરવાની છે. ઉમેદવાર ને Tally અને Account આવડતું હોવું જોઈએ
Contact: 9879463248 / 9726609629

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા · વાયર · વેલ્ડમેસ · ખીલી · હુક · જાળી · નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**